RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 60* Date: 26.12.2020 Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

વડાપ્રધાને ૯ કરોડથી વધુ ખેડૂતોના ખાતામાં ૧૮ હજાર કરોડ ટ્રાન્સફર કર્યા

# પહેલાની સરકારોની નીતિઓને કારણે નાનો ખેડૂત બર્બાદ થયો: મોદી

### વડાપ્રધાને ૬ રાજ્યોના ખેડૂતો સાથે સંવાદ કરતા વિપક્ષ પર વરસ્યા: કેટલાક લોકો ખેડૂતોને ગેરમાર્ગે દોરી એમએસપી-મંડી મામલે અફવા ફેલાવે છે, કૃષિ ખરડાથી નુકસાન નથી થવાનું,કોઈની જમીન નહિ છીનવાય

*ન્યુ દિલ્હી,તા.૨૫*

નવા કૃષિ કાનુનના વિરોધમાં દિલ્હીની સીમાઓ પર એક મહિના જેટલા સમયગાળાથી ખેડુતોનું પ્રદર્શન ચાલી રહ્યું છે અને આ વચ્ચે વડાપ્રધાન મોદીએ કિસાન સમ્માન નિધિ યોજનાનો આગળનો હપ્તો જાહેર કર્યો. દેશના ૯ કરોડથી વધારે ખેડુત લાભાર્થીઓના ખાતામાં ૧૮ હજાર કરોડ રૂપિયા ટ્રાંસફર થયાં. આ કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન મોદીએ ૬ રાજ્યોના ખેડુતો સાથે વીડિયો કોન્ફરન્સીંગના માધ્યમથી વાતચીત પણ કરી.

વડાપ્રધાને પોતાના સંબોધનમાં કહ્યું કે, ખેડુતોના જીવનમાં ખુશી, આપણાં સૌના જીવનમાં ખુશી વધારી દે છે. આજનો દિવસ તો ખુબ પાવન છે. ખેડુતોને આજે જે સમ્માન નિધિ મળી છે તે સાથે જ આજનો દિવસ અનેક અવસરોનો સંગમ બનીને આવ્યો છે. એક ખેડુત સાથે સંવાદ કરતા તેમણે કહ્યું કે, કેટલાંક લોકો એવો ભ્રમ ફેલાવે છે કે તમારો પાકનો કોઈ કોન્ટ્રેક્ટ કરશે તો જમીન પણ ચાલી જશે. આટલું ખોટું બોલી રહ્યાં છે.

વડાપ્રધાન મોદીએ વધુમાં કહ્યું કે, મને આજે એ વાતનો અફસોસ છે કે પશ્ચિમ બંગાળના ૭૦ લાખથી વધારે ખેડુતોને તેનો લાભ મળી શક્યો નથી. બંગાળના ૨૩ લાખથી વધારે ખેડુતો આ યોજનાનો લાભ લેવા માટે ઓનલાઈન અરજી કરી ચુક્યાં છે પરંતુ રાજ્ય સરકારે વેરિફિકેશનની પ્રક્રિયાને આટલા લાંબા સમયથી રોકી રાખી છે.

કેટલાક લોકો ચર્ચામાં આવવા માટે ઈવેન્ટ કરી રહ્યા છે ને બંગાળની સ્થિતિ પર ચૂપ છે. તેઓ દિલ્હીમાં અર્થનીતિ રોકવામાં લાગેલા છે. જેઓએ દિલ્હીમાં ઘેરી દીધું છે. તેમને કેરળ નથી દેખાતું. કેરળમાં પણ APMC,માર્કેટ નથી, ત્યાં તેઓ આંદોલન નથી કરતા. તથ્ય વગર જ રાજનીતિ કરીને લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે.

વિપક્ષ પર નિશાન સાધતા તેમણે કહ્યું કે, સ્વાર્થની રાજનીતિ કરનારાઓને જનતા ખુબ બારિકાઈથી જોઈ રહી છે. જે દળ પશ્ચિમ બંગાળમાં ખેડુતોના અહિત પર કંઈ નથી બોલતા તે દળ અહીંના ખેડુતોના નામ પર દિલ્હીના નાગરિકોને હેરાન કરવામાં લાગ્યા છે. દેશની અર્થનીતિને બર્બાદ કરવામાં કેટલાંક લાગ્યા છે. જે લોકો ૩૦-૩૦ વર્ષ સુધી બંગાળમાં રાજનીતિ કરતા હતા, એક એવી રાજકિય વિચારધારાને લઈને તેમણે બંગાળને ક્યાંથી ક્યાં લાવીને મુકી દીધું તે આખો દેશ જાણે છે.

વધુમાં તેમણે કહ્યું કે, હું એ દળોને પુછવા માંગું છું કે અહીં ફોટા પડાવવાના કાર્યક્રમ કરો છું તો થોડું કેરળમાં આંદોલન કરીને ત્યાં તો APMC શરૂ કરાવો. પંજાબના ખેડુતોને ગુમરાહ કરવા માટે તમારી પાસે સમય છે, કેરળમાં આ વ્યવસ્થા શરૂ કરવા માટે તમારી પાસે સમય નથી. શા માટે તમે લોકો બેવડી નીતિ લઈને ચાલો છો.

પીએમ મોદીએ કહ્યું કે દેશના ખેડૂતોને આટલા અધિકાર મળી રહ્યા છે તેમાં ખોટું શું છે? જો ખેડૂતોને પોતાનો પાક વેચવાનો વિકલ્પ ઓનલાઈન માધ્યમથી આખું વર્ષ અને ગમે ત્યાં વેચવાનો મળી રહે તો તેમાં શું ખોટું છે? છેલ્લા કેટલાક મહિનામાં લગભગ ૨.૫ કરોડ નાના ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડથી જોડવામાં આવ્યા છે. અમે માછલી પાલકો, પશુપાલકોને પણ હવે ક્રેડિટ કાર્ડ આપી રહ્યા છીએ.

PM મોદીએ કહ્યું કે, ખેડુતોના નામ પર પોતાના ઝંડા લઈને રમત રમી રહ્યાં છે. હવે તેમને સત્ય સાંભળવું પડશે. આ લોકો સમાચાર પત્રો અને મીડિયામાં જગ્યા બનાવીને, રાજકિય મેદાનમાં પોતાને જીવતા રાખવાની જડી-બુટ્ટી શોધી રહ્યાં છે. આ એ લોકો જ છે જે વર્ષો સુધી સત્તામાં રહ્યાં. તેમની નીતિઓના કારણે દેશની ખેતી અને ખેડુતનો એટલો વિકાસ થઈ શક્યો નહી જેટલું તેમનામાં




સામર્થ્ય છે. પહેલાની સરકારની નીતિઓના કારણે સૌથી વધારે બર્બાદ નાનો ખેડુત થયો.

ઉલ્લેખનિય છે કે, રૂ કિસાન યોજના હેઠળ દર વર્ષે ત્રણ હપ્તામાં ખેડુતોના ખાતામાં ૬ હજાર રૂપિયા મોકલવામાં આવે છે. ૨ હજાર રૂપિયાની રકમ ત્રણ હપ્તામાં મોકલવામાં આવે છે. આ યોજના હેઠળ આજે વડાપ્રધાન મોદીએ ૯ કરોડ ખેડુતોના ખાતામાં ૧૮ હજાર કરોડ રૂપિયા ટ્રાંસફર કર્યા.

## અરુણાચલ પ્રદેશમાં જદયુને આંચકો: ૬૭ ધારાસભ્યો ભાજપમાં જોડાયા

*ઈટાનગર,તા.૨૫*

અરૂણાચલ પ્રદેશમાં જનતા દળ યૂનાઈટેડ (જદ્યુ)ના સાતમાંથી ૬ ધારાસભ્યો ભાજપમાં સામેલ થવાથી રાજયના રાજકારણમાં ટ્વિસ્ટ આવ્યો છે. રાજય વિધાનસભા તરફથી જાહેર બુલેટિન અનુસાર, પીપલ્સ પાર્ટી ઑફ અરૂણાચલ (ઁ૭)ના લિકાબાલી મતવિસ્તારથી કરદો નિગ્યોર પણ બીજેપીમાં સામેલ થઈ ગયા છે. ઉલ્લેખનીય છે કે બિહારમાં જેડીયૂ અને બીજેપી સહયોગી છે અને અન્ય સહયોગીઓની સાથે મળીને તાજેતરમાં ત્યાં થયેલી વિધાનસભા ચૂંટણીમાં જીત નોંધાવી હતી.

અરૂણાચલમાં પણ પંચાયત અને મ્યુનિસિપલ ચૂંટણીના પરિણામો આવવાના છે. આવામાં આ ઉલટફેર ઘણો જ મહત્વનો મનાઈ રહ્યો છે. બુલેટિન અનુસાર, રમગોંગ વિધાનસભા ક્ષેત્રના તાલીમ તબોહ, ચાયાંગ્તાઓના હેયંગ મંગ્ફી, તાલીના જિકકે તાકો, કલાત્કંગના દોરજી વાંગ્દી ખર્મા, બોમડિલના ડોંગરૂ સિયનગ્ઝૂ અને મારિયાંગ-ગેકુ મત વિસ્તારના કાંગગોંગ ટાકૂ ભાજપમાં સામેલ થઈ ગયા છે. જેડીયૂએ ૨૬ નવેમ્બરના સિયનગ્ઝૂ, ખર્મા અને ટાકૂને 'પાર્ટી વિરોધી' ગતિવિધિઓ માટે કારણ બતાવો નોટિસ જાહેર કરવામાં આવી હતી અને તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ જેડીયૂના ૬ ધારાસભ્યોએ આ પહેલા પાર્ટીના વરિષ્ઠ સભ્યોને કથિત રીતે તાલીમ તબોહને વિધાયક દળના નવા નેતા પસંદ કરી લેવામાં આવ્યા હતા. પીપીએ ધારાસભ્યને પણ ક્ષેત્રીય પાર્ટીએ આ મહિનાની શરૂઆતમાં સસ્પેન્ડ કરી દીધા હતા. અરૂણાચલ પ્રદેશના પ્રદેશ ભાજપા અધ્યક્ષ બીઆર વાઘેએ કહ્યું કે, "અમે પાર્ટીમાં સામેલ થવાના તેમના પત્રોને સ્વીકારી લીધા છે." ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીમાં નીતિશ કુમારની જેડીયૂએ ૧૫ સીટો પર ચૂંટણી લડી હતી અને ૭ સીટો પર જીત નોંધાવીને તમામ રાજકીય પંડિતોને ચોંકાવી દીધા હતા. બીજેપી (૪૧) બાદ જેડીયૂ અરૂણાચલમાં બીજી સૌથી મોટી પાર્ટી બની ગઈ હતી. વર્તમાન રાજકીય ઉલટફેર બાદ ૬૦ સદસ્યીય વિધાનસભામાં અરૂણાચલમાં બીજેપીના ૪૮ ધારાસભ્યો થઈ ગયા છે. તો જેડીયૂની પાસે હવે ફક્ત એક જ ધારાસભ્ય બચ્યો છે. કૉંગ્રેસ અને એનસીપી પાસે ૪-૪ ધારાસભ્યો છે.

## દેશમાં કોરોનાથી કુલ રિકવરી આંક ૯૭ લાખને પાર,નવા ૨૩,૦૬૭ કેસ નોંધાયા



*ન્યુ દિલ્હી,તા.૨૫*

ભારતમાં કોરોનાથી રિકવરીમાં પણ વધારો નોંધાઈ રહ્યો છે. દેશમાં અત્યાર સુધીમાં કોરોનાથી સ્વસ્થ થયેલા દર્દીઓની સંખ્યા ૯૭,૧૭,૮૩૪ થઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના મતે વિતેલા ૨૪ કલાકમાં દેશાં નવા ૨૩,૦૬૭ પોઝિટિવ કેસ નોંધાતા કુલ કેસ લોડ વધીને ૧,૦૧,૪૬,૮૪૫ થયો છે. દરમિયાન વધુ ૩૩૬ દર્દીએ કોરોનાને પગલે અંતિમ શ્વાસ લીધા હતા. દેશમાં સતત ચોથા દિવસે કોરોનાના સક્રિય કેસો ત્રણ લાખ કરતા ઓછા નોંધાયા હતા. હાલમાં દેશમાં કોરોનાના ૨,૮૧,૯૧૯ સક્રિય કેસો છે જે કુલ કેસ લોડના ૨.૭૮ ટકા છે. કોરોનાથી સ્વસ્થ થયેલા દર્દીઓનો આંક ૯૭ લાખને પાર જતા રિકવરી રેટ ૯૫.૭૭ ટકા થયો છે. કોરોનાથી કુલ મૃત્યુઆંક ૧,૪૭,૦૯૨ થતાં મૃત્યુદર ૧.૪૫ ટકા નોંધાયો છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના (આઈસીએમઆર) મતે ૨૪ ડિસેમ્બરના દેશમાં ૯,૯૭,૩૯૬ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. અત્યાર સુધીમાં કોરોનાના કુલ ૧૬,૬૩,૦૫,૭૬૨ સેમ્પલનું ટેસ્ટિંગ કરાયું છે.

### અમેરિકાના સાત સાંસદોએ વિદેશમંત્રી પોમ્પિયોને ભારતના ખેડૂત આંદોલનમાં દખલ દેવા ચિઠ્ઠી લખી





*વોશિંગ્ટન,તા.૨૫*

અમેરિકાના સાત સાંસદોએ વિદેશ મંત્રી માઈક પોમ્પિયોને ચિઠ્ઠી લખી છે. પત્રમાં પોમ્પિયોને અપીલ કરવામાં આવી છે કે, ખેડૂત આંદોલન મુદ્દે ભારત સરકાર સાથે વાતચીત કરવી જોઈએ. પત્ર લખનારમાં ભારતીય મૂળના સાંસદ પ્રમિલા જયપાલ પણ સામેલ છે. જયપાલ સિવાય આ લેટર પર ડોનાલ્ડ નોરક્રોસ, બ્રેંડન એપ બોયલ, બ્રાયન ફિટ્ઝપેટ્રિક, મેરી ગે સ્કૈનલન, ડેબી ડિંગલ અને ડેવિડ ટ્રોનના સાઈન છે. જોકે ભારત વિદેશી નેતાઓના ખેડૂત આંદોલન પર નિવેદનોને નકારીને તેમને આંતરિક મુદ્દાઓમાં દખલ ન દેવા કહી ચૂક્યા છે.આ પહેલાં કેનેડાના પીએમ જસ્ટિન ટ્રુડોએ ખેડૂત આંદોલનને સમર્થન આપ્યું હતું. પોમ્પિયોને લખેલા પત્રમાં અમેરિકન સાંસદોએ કહ્યું કે, આ આંદોલનના કારણે ઘણાં ભારતીયો પ્રભાવિત થઈ રહ્યા છે. તેનું કારણ એ છે કે, તેમના સંબંધીઓ પંજાબ અથવા ભારતના અન્ય હિસ્સામાં રહે છે. તેથી તમે તમારા ભારતીય સમકક્ષ (વિદેશ મંત્રી એસ જયશંકર) સામે આ મુદ્દો ઉઠાવો. સાંસદોએ આ પત્ર ૨૩ ડિસેમ્બરે લખ્યો હતો. સાંસદોએ કહ્યું કે, બંધારણીય પદ પર હોવાથી અમે ભારત સરકારની નેશનલ પોલિસી નિર્ધારણના અધિકારોનું સન્માન કરીએ છીએ. અમે ભારત અને વિદેશોમાં તે લોકોના અધિકારોનો પણ સ્વીકાર કરીએ છીએ જે અત્યારે કૃષિ કાયદાના વિરોધનમાં શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહ્યા છે. કારણકે તેઓને આ કાયદાથી આર્થિક નુકસાનનો ભય છે.

## ૨૮ ડિસેમ્બરે વડાપ્રધાન મોદી ડ્રાઈવરલેસ મેટ્રોને લીલી ઝંડી બતાવશે

*ન્યુ દિલ્હી,તા.૨૫*

દેશની પ્રથમ ડ્રાઈવરલેસ મેટ્રો ઝડપી ચાલનાર છે. ૨૮ ડિસેમ્બરે વડાપ્રધાન મોદી લીલી ઝંડી બતાવીને આની શરૂઆત કરશે. આ ટ્રેન ખામીઓને ઓળખવા માટે હાઈ રેઝ્યૂલેશન કેમેરા, રીયલ ટાઈમ મોનિટરિંગ ટ્રેન ઈક્વિપમેન્ટ, રિમોટ હેન્ડલિંગ ઈમરજન્સી એલાર્મ અને કેટલાક ઉચ્ચ સ્તરની ટેકનોલોજીથી લેસ છે. ડીએમઆરસીના કાર્યકારી નિર્દેશક અનુજ દયાલે જણાવ્યું કે, ૩૭ કિલોમીટરની મજેન્ટા લાઈન (જનકપુરી વેસ્ટથી બોટેનિકલ ગાર્ડન) પર વગર ડ્રાઈવરે ટ્રેનનું સંચાલન શરૂ થશે.

તેમને કહ્યું કે, વડાપ્રધાન મોદી આ દિવસે નેશનલ કોમન મોબિલિટી કાર્ડની પણ શરૂઆત કરશે. આ ૨૩ કિલોમીટરની એરપોર્ટ એક્સપ્રેસ લાઈન (નવી દિલ્હીથી દ્વારકા ૨૧) માટે હશે. કમિશ્નર ઓફ રેલવે સેફટીએ સુનિશ્ચિત કર્યું છે કે, વગર ડ્રાઈવવરે ટ્રેન ચલાવવા માટે બધા માપદંડોને પૂરા કરવામાં આવ્યા છે કે નહીં. બધા માપદંડો પર સંતુષ્ટ થયા પછી જ ૧૮ ડિસેમ્બરે યૂટીઓ લોન્ચની પરવાનગી આપવામાં આવી છે.

આ ટ્રેનમાં ઈન્ડિયન રેલવે ચેક સિસ્ટમ લગાવવામાં આવી છે જે હાઈ રિઝેલ્યૂશન કેમેરા પર આધારિત છે. સૂત્રોનું કહેવું છે કે, રેલવે ટ્રેકમાં થનાર સમસ્યાઓને આ કેમેરો ઓળખી લે છે અને કંટ્રોલ રૂમમાં આની જાણકારી આપે છે. હાલમાં આને સેન્ટરથી કંટ્રોલ કરવામાં આવશે. એટલે કહી શકીએ કે, બધી રીતે ડ્રાઈવર લેશ થવાથી હજું પણ થોડા સમય લાગી જશે. દયાલે જણાવ્યું કે, હાલમાં અમે ડ્રાઈવરલેસ ઓપરેશન શરૂ કરવા જઈ રહ્યાં છે. હાલમાં રોવિંગ એટેન્ડેન્ટ ટ્રેનમાં હાજર રહેશે. હાલમાં ડીએમઆરસી બધા રૂટ પર ૭-૮ ટ્રેનોમાં રેલ ચેક કેમેરો લગાવવાની યોજના બનાવી રહ્યું છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
કોરોના નવા કેસની સંખ્યા:૯૧૦
રાજ્યમાં કુલ કેસનો આંકડો
પહોંચ્યો : ૨૪૦૧૦૫
ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં
લોકોનાં મૃત્યુ: ૦૯
રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા
દર્દીઓની સંખ્યા :૧૧૧૪
ગુજરાતમાં સાજા થયેલા કુલ
દર્દીઓની સંખ્યા : ૨૨૫૨૦૯

## ત્રીજા ત્રિમાસિકમાં જીડીપી પોઝિટિવ આવી શકે છે ભારતીય અર્થવ્યવસ્થા: આરબીઆઈ રિપોર્ટ

*મુંબઈ,તા.૨૫*

રિઝર્વ બેંક ઓફ ઈંડિયાએ ફરી એક વખત જણાવ્યું છે કે ભારતીય અર્થવ્યવસ્થામાં તેજીમાં સુધારાના સંકેત જોવા મળી રહ્યાં છે. આરબીઆઈના એક રિપોર્ટમાં જણાવામાં આવ્યું છે કે ત્રીજા ત્રિમાસીકમાં જીડીપી પોઝિટિવમાં આવી શકે છે. આરબીઆઈના સમાચારમાં 'અર્થવ્યવસ્થાની સ્થિતિ'ના ટાઈટલ હેઠળ એક રિપોર્ટમાં જણાવામાં આવ્યું છે કે સપ્ટેમ્બર-ડિસેમ્બર ત્રિમાસિકમાં જીડીપી ગ્રોથ રેટ સકારાત્મક રહેવાનું અનુમાન છે. કારણ કે ભારતીય અર્થવ્યવસ્થા કોવિડ-૧૯ની સામે ઝડપથી બહાર આવી રહી છે. કોરોના સંકટના કારણે હાલના નાણાંકીય વર્ષના પહેલા ત્રિમાસિકમાં જીડીપીમાં ૨૩.૯ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. જ્યારે બીજા ત્રમાસિકમાં જીડીપી ગ્રોથ -૭.૫ ટકા નોંધાયો હતો. પરંતુ હવે આરબીઆઈનું અનુમાન છે કે ત્રીજા ત્રિમાસિકમાં જીડીપી પોઝિટિવ જોવા મળી શકે છે. કેટલાક રિપોર્ટને ધ્યાનમાં લઈને આરબીઆઈનું કહેવું છે કે ત્રીજા ત્રિમાસિકમાં આ જીડીપીની વાસ્તિવક ગ્રોથ પોઝિટિવના ક્ષેત્રમાં આવી જતા ૦.૧ ટકા રહી શકે છે. આ સિવાય આરબીઆઈના આ રિપોર્ટમાં અનુમાન લગવામાં આવ્યું છે ચાલુ નાણાંકીય વર્ષમાં દેશના જીડીપીમાં ૯.૫ ટકાનો ઘટાડો નોંધી શકાશે. આરબીઆઈનું માનીએ તો ભારતીય અર્થવ્યવસ્થામાં જે પ્રકારે તેજીથી ઘટાડો જોવા મળ્યો તેનાથી પણ ઝડપથી રિકવરી જોવા મળી રહી છે. ઈકોનોમીમાં તેજ રિકવરી પાછળ બે કારણ કામ કરી રહ્યું છે. એક તો કોરોનાના કેસ સતત ઘટી રહ્યાં છે જ્યારે બીજું સરકારે ઈકોનોમીમાં સુધાર માટે ઘણા મહત્વના પગલા લીધા છે. કોરોના સંકટ દરમિયાન કેટલાક આર્થિક પેકેજ જાહેર કર્યા છે.

## તંત્રી સ્થાનેથી...

### ૨૦૨૦ નું વર્ષ સમગ્ર વિશ્વ માટે દુઃખદઃ આમ લોકોનું જીવન પલટી નાખ્યું....!?

દેશ માટે ૨૦૨૦ નું વર્ષ સુખદ સંભારણા આપવાને બદલે દુઃખદ અને મુશ્કેલી સર્જનાર વર્ષ તરીકે અંતિમ દિવસો તરફ જઈ રહ્યું છે. ૨૦૨૦ માં દેશમાં એક પછી એક એવી ઘટનાઓ બની કે આમ પ્રજા વિહ્વળ બની ગઈ...તેમજ સરકારે લીધેલા નિર્ણય સામે આમ પ્રજામાં ભારે વિરોધ પ્રસરી ગયો. તેમજ કોરોના વાયરસે દેશ ભરના તમામ પ્રકારના ક્ષેત્રોને વધુમાં વધુ નુકસાન કર્યું. દેશના અર્થતંત્રની ગાડી પાટા પરથી ખેરવી નાખી છે જે આજદિન સુધી સરકારના અનેક પ્રયત્નો છતાં પાટા પર ચડી શકી નથી. તેમાં મહત્વની ભૂમિકા ભજવી છે ચીનના વૂહાનમાં કોરોના ફેલાતા ચીનમાથી ભારતના ૩૨૦ જેટલા લોકોને એર લીસ્ટ કરીને ફેબ્રુઆરીમાં દિલ્હી ખાતે ઉતાર્યા. તે આવેલા પૈકીમાંથી પ્રથમ કોરોના કેસ કેરલમાં નોંધાયો હતો. ત્યારબાદ હૈદરાબાદ, જયપુર અને દિલ્હીમાં ૯ જેટલા કેસ નોંધાતા સરકારે વિશ્વભરમાં ફેલાયેલા કોરોનાનું રાક્ષસી સ્વરૂપ પારખી જઇને રાષ્ટ્રીય સંકટ જાહેર કર્યું. તે સમય દરમ્યાન વિશ્વભરના દેશોમાં કોરોનાના કારણે ૧૦ હજારથી મૃત્યુઆંક વધી રહ્યો હતો તેમજ કોરોના દર્દીઓની સંખ્યા ૨ લાખ ૫૪ હજારથી આગળ વધતી ચાલી હતી.ભારતમાં કોરોનાની સાંકળ તોડવા સરકારે કર્ફ્યુ માટે અપીલ કરી જેનો દેશભરમાં લોકોએ ગંભીરતાથી અમલ કર્યો. માર્ચ મહિનાના બીજા સપ્તાહમાં સાઉદી અરેબિયાથી ચેપ લઈને આવેલ વૃદ્ધનું મોત થયું હતું. પરંતુ કોરોના કેસો વધવા લાગતાં માર્ચના છેલ્લા અઠવાડિયામાં લોકડાઉન જાહેર કર્યું.... છતાં કોરોના કેસ વધતા lockdown વધારતા જઈને ૬૮ દિવસ સુધી લંબાવતા આમ લોકો ભારે પરેશાન-ત્રસ્ત થઈ ગયા..... તેમાં સૌથી વધુ તકલીફ દેશના અન્ય રાજ્યોમાંથી આવેલા શ્રમિકો અને સ્થાનિક રાજ્યના શ્રમિકોની થઈ હતી અને તેઓની હાલત વધુ કફોડી બની ગઇ.... આવક બંધ થવા સાથે ખાવાના સાંસા પડવા લાગતાં એક કરોડથી વધુ શ્રમજીવીઓ તંત્રના ત્રાસ વચ્ચે અને કોરોનાના કહેર વચ્ચે વતન તરફ ભાગવા લાગ્યા...રસ્તામા કેટલાકના મૃત્યુ પણ થયા છતાં ગમ્મે તેમ કરીને ભૂખ્યા તરસ્યા પોત પોતાના વતન પહોચી ગયા. તેની મોટામાં મોટી અસર નાના-મોટા તમામ પ્રકારના ઉદ્યોગો, વેપાર-ધંધા, રોજગારી પર થઈ અને તેની અસર આજે પણ અનુભવાઇ રહી છે.....!!

૨૦૨૦ નું વર્ષ કોરોના કહેર બની રહ્યું. જે સમય દરમ્યાન નામી રાજકીય હસ્તિઓના મૃત્યુ થયા, સિનખ જગતમાં પણ કેટલાક મૃત્યુ થયા... જેમાં સોશાન્તના મોતે દેશભરમાં મોટી ચકચાર જગાવી, ટીવી કલાકારોનો પણ મૃત્યુ થયા. પરંતુ આ કોરોના કહેરમાં દેવદૂત કે ભગવાન રૂપ વોરિયર્સ સાબિત થયા ડોક્ટરો,મેડિકલ સ્ટાફ, પોલીસ ફોર્સ,સફાઈ કર્મચારીઓ.આમાના અનેક કોરોનાની ચપેટમાં આવી ગયા અને કેટલાક મૃત્યુ થયા છતાં વોરિયર્સો હિંમત હાર્યા વગર પોતાની ફરજ બજાવવામાં પાછા પડ્યા નથી.... તેઓને લાખ લાખ સલામ. સરકારે વધુ હોસ્પિટલો ઉભી કરવી પડી, હોટલોને હોસ્પિટલમાં હેરવવી પડી, ક્યાંક મોટા બાંધકામોને હોસ્પિટલમાં ફેરવવા પડ્યા અને તેનું કારણ હતું વિશ્વના અનેક દેશોના વૈજ્ઞાનિકોની કોરોના નાથવા માટેની રસી શોધવાની સતત કામગીરી છતાં સફળતા મળતી ન હતી... જોકે વિશ્વના કેટલાક દેશો સાથે ભારતમા સફળતા તાજેતરમાં મળી છે. છતાં સો ટકા સફળતા નો દાવો થયો નથી. કોરોનાને કારણે દેશના અનેક ઉદ્યોગો ઠપ થઈ ગયેલા જે અનલોક બાદ શરૂ કર્યા પરંતુ તેમા કાર્ય કરતા શ્રમજીવીઓ પરત ફરવા તૈયાર નથી.....! તો થોડા ઘણા જે તે ઉદ્યોગો તેમના શ્રમિકોને વતનમાંથી લઈ આવ્યા પરંતુ નિકાસ ખૂબ ધીમી પડી ગઈ છે તો ઉત્પાદન પણ ઘટી ગયું છે....! દરેક ક્ષેત્રોમાં આવી હાલત છે. લોકોને રોજગારી ન મળતાં ખિસ્સા ખાલી છે એટલે બજારોમાં આજે પણ તેજીની ચમક દેખાતી નથી...સિવાય કે શેર બજાર.... બજારમાં ખરીદારો નથી જોકે કૃષિ ઉત્પાદનોએ કેટલાક બજારોને ચમકતા કર્યા છે કારણે દરેક ક્ષેત્રને થોડી રાહત થઇ છતાં યાત્રા સ્થળો, ધાર્મિક સ્થળો,પર્યટન સ્થળોથી આજે પણ લોકો દૂર રહ્યા છે... ટૂંકમાં ૨૦૨૦ ના વર્ષ એ આમ પ્રજાની રહેણી- કરણી,વહેવાર સહિત સમગ્ર જીવનમાં ન ધારેલું પરિવર્તન લાવી દીધું છે.... તેનો સ્વીકાર કરવો જ રહ્યો.....!?




25 Dec 20 . 11:03 AM

કોરોના વાયરસની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી જે વિદ્યાર્થીઓ ઓફલાઈનના બદલે ઓનલાઇન પરીક્ષા આપવા માગતા હશે તો એ વિકલ્પી પસંદગી કરી શકશે પરંતુ ઓનલાઇન પરીક્ષાની ડિગ્રી કોઈ સરકારી કે બિનસરકારી સંસ્થા અયોગ્ય ગણાવે તો તે અંગેની કોઈ જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહીં તેવી સત્તાવાર લેખિત જાહેરાત પરિપત્ર દ્વારા ગુજરાત સરકાર હસ્તકની યુનિવર્સિટીએ કરતા શિક્ષણ જગતમાં ભારે ચચર્ચિ થઈ રહી છે.

**This is democracy.... Anybody say anything in India**

### ધ યોગા ઈન્સ્ટિટ્યૂટની ૧૦૨ વર્ષની ઉત્કૃષ્ટ સેવાઓની પ્રશંસા કરી

# ઈન્સ્ટિટ્યૂટની આગામી એપ નિસ્પંદ તમારી હથેળીઓમાં અને આંગળીના ટેરવે ધ્યાન ધરવાની કળાની ભેટ ધરશેઃ મંત્રી નાઈક

મુંબઈ/નેશનલ (૨૫ ડિસેમ્બર, ૨૦૨૦)

આયુષ મંત્રી શ્રીપદ વાય નાઈકે જણાવ્યું છે કે, કોવિડ રોગચાળા દરમિયાન દુનિયાને ભારતની ભેટ સમાન યોગાએ લોકોને શારીરિકની સાથે માનસિક સ્વાસ્થ્યને જાળવવા મદદ કરી છે. તેમણે ધ યોગા ઈન્સ્ટિટ્યૂટ, મુંબઈની રોગચાળા દરમિયાન કોવિડલક્ષી પહેલો તથા લોકો અને સમાજની સેવા કરવા ૧૦૨ વર્ષની ઉત્કૃષ્ટ સેવાની પ્રશંસા કરી છે.




ધ યોગા ઈન્સ્ટિટ્યૂટની સ્થાપનાને ૧૦૨ વર્ષ પૂર્ણ થવાની ઉજવણીનાં વર્ચ્યુઅલ આયોજનમાં મુખ્ય અતિથિ તરીકે આદરણીય મંત્રી નાઈક ઉપસ્થિત રહ્યાં હતાં, જેમાં તેમણે ધ યોગા ઈન્સ્ટિટ્યૂટની મેડિટેશન એપ નિસ્પંદ એપને લોંચ કરી હતી તથા સંસ્થાની કોવિડલક્ષી પહેલોની પ્રશંસા કરી હતી.

આદરણીય મંત્રી શ્રી નાઈકએ કહ્યું હતું કે,"હું ધ યોગા ઈન્સ્ટિટ્યૂટની સંપૂર્ણ ટીમને સંપૂર્ણ માનવજાતની સેવા કરવાની ૧૦૨ વર્ષની ઉત્કૃષ્ટ સફર પૂર્ણ કરવા બદલ અભિનંદન આપું છું. તમારા સમર્પણ, પ્રામાણિકતા અને સંકલનશક્તિએ ભારતની અમૂલ્ય પરંપરા યોગાની જાળવણી કરવામાં મદદ કરી છે અને દરરોજ દુનિયાભરમાં લાખો લોકોના જીવનમાં પરિવર્તન લાવવામાં સહાય કરી છે. તમે વિશ્વ શાંતિમાં પ્રદાન કરો છો. યોગા દુનિયાને ભારતની ભેટ સમાન કળા છે અને ધ યોગા ઈન્સ્ટિટ્યૂટ લોકોને કાળજીપૂર્વક સેવા કરવાની સુંદર કામગીરી કરે છે."

મંત્રી નાઈકએ ઉમેર્યું હતું કે, "કોવિડ રોગચાળાના કસોટીના સમયમાં લોકોએ યોગાના ખરાં મૂલ્યો શીખવાની શરૂઆત કરી છે. યોગાએ લોકોને શારીરિક સ્વાસ્થ્ય જાળવવામાં અને રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરવાની સાથે માનસિક સ્વાસ્થ્ય જાળવવામાં અને લાગણીઓને નિયંત્રણમાં રાખવામાં સહાય કરી છે."મંત્રી નાઈકએધ યોગા ઈન્સ્ટિટ્યૂટની કોવિડલક્ષી પહેલોની પ્રશંસા કરતાં કહ્યું હતું કે, "અન્નમ બ્રહ્મ પહેલ સાથે મોખર રહીને કોવિડનો સામનો કરતાં લોકોને નિઃશુલ્ક ભોજન આપવાથી શરૂઆત કરીને ધ યોગા ઈન્સ્ટિટ્યૂટે શક્ય એટલા વધારે લોકોની સેવા કરી છે. સંસ્થાએ રોગચાળા દરમિયાન સેવાની ઉત્કૃષ્ટ કામગીરી કરી છે."

તેમણે ધ યોગા ઈન્સ્ટિટ્યૂટની મેડિટેશન એપ 'નિસ્પંદ' લોંચ કરવાની જાહેરાત પણ કરી હતી. મંત્રી નાઈકે કહ્યું હતું કે, "આ એપની દુનિયા આતુરતાપૂર્વક રાહ જોઈ રહી છે. આ એપ તમારી હથેળીમાં ધ્યાન ધરવાની અને આંગળીના ટેરવે યોગાની કળા પ્રદાન કરે છે. નિસ્પંદ દુનિયામાં ધ્યાન ધરવાની રીતમાં પરિવર્તનને પવન ફૂંકશે અને આ અમને સંપૂર્ણ સ્વાસ્થ્ય મેળવવાની વધુ નજીક લઈ જશે."

ધ યોગા ઈન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર ડૉ. હંસા જે યોગેન્દ્રએ કહ્યું હતું કે, "આજે ધ યોગા ઈન્સ્ટિટ્યૂટની સમાજ, દેશ અને દુનિયાની સેવા કરવા માટેની ૧૦૨ વર્ષની સફર પૂર્ણ થઈ છે. એની ઉજવણીમાં ઉપસ્થિત રહેલાં આદરણીય મંત્રી શ્રીમાન શ્રીપદ વાય નાઈકજી અને અમારા મહેમાન બનેલા અન્ય મહાનુભાવોનો હું આભાર માનું છું.

"ચાલુ વર્ષે અમારી હાઉસહોલ્ડર યોગાની સેવા માટે અમે કેટલીક પહેલો ઉમેરી હતી, જેનો ઉદ્દેશ કોવિડ રોગચાળા સામે મદદ અને રાહત પ્રદાન કરવાનો હતો. ધ યોગા ઈન્સ્ટિટ્યૂટ ભારત અને દુનિયામાં વધુને વધુ લોકો સુધી હાઉસહોલ્ડર યોગાને લઈ જવા હંમેશા પ્રતિબદ્ધ છે અને જીવનને પરિવર્તિત કરવાની અમારી ૧૦૨ વર્ષની સફર અમારા સ્થાપક યોગા ગુરુ શ્રી યોગેન્દ્રજીના નેતૃત્વમાં યોગીઓની ત્રણ પેઢીઓના વિઝન અને પ્રયાસોને કારણે શક્ય બની છે. અમારી આ સફરમાં ગત સદીમાં હજારો લોકોએ પણ પ્રદાન કર્યું છે, જેઓ ધ યોગા ઈન્સ્ટિટ્યૂટના પરિવારના સભ્યો છે."

મા હંસાએ ઉમેર્યું હતું કે, "આજે અમારી સંસ્થાએ ૧૦૨ વર્ષ પૂર્ણ કર્યા છે અને ૧૦૩માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ પ્રસંગે અમે મેડિટેશન એપ નિસ્પંદ લોંચ કરી છે. અમે યોગા ગુરુ યોગેન્દ્રજીના લાખો લોકોના ઘર સુધી યોગાના ઉપયોગી લાભો પહોંચાડવાના વિઝનને આગળ વધારવા પ્રતિબદ્ધ છીએ."

મેડિટેશન એપ નિસ્પંદ લોંચ થઈ

મંત્રી નાઈકે લોંચ કરેલી ધ યોગા ઈન્સ્ટિટ્યૂટની મેડિટેશન એપ નિસ્પંદ ધ્યાનનાં અભ્યાસુઓ અને વિદ્યાર્થીઓને વિશિષ્ટ જાણકારી આપે છે અને ટેકો આપશે તેમજ દરેક સ્થિતિ માટે માર્ગદર્શન આપવા લાઈબ્રેરી ધરાવે છે. એપ એન્ડ્રોઇડ, iOS અને ઈન્ટરનેટ પર ઉપલબ્ધ છે.

ડૉક્ટરોએ હેલ્થકેર વિશે ચર્ચા કરી

આ પ્રસંગે નિષ્ણાત ડૉક્ટરોની પેનલે ઈન્ડિયાસ હેલ્થકેર ચેલેન્જીસ ઈન ધ નેક્સ્ટ ડિકેડ (આગામી દાયકામાં ભારતના હેલ્થકેર પડકારો)મુદ્દા પર ચર્ચા કરી હતી. પેનલમાં ડૉ. હરિશ શેટ્ટી (સાઈકિયાટ્રિસ્ટ), ડૉ. શશાંક જોશી (એન્ડોક્રાઈનોલોજિસ્ટ, ડાયાબીટોલોજિસ્ટ), ડૉ. રવિન્દ્ર ચિત્તલ (પીડિયાટ્રિશિયન, નીયોનેટોલોજિસ્ટ), ડૉ. પ્રદ્યુમન મમ્તોરા (ઓર્થોપેડિક સર્જન) અને ડૉ. શેખર અંબાર્ડેકર (કાર્ડિયોલોજિસ્ટ) સામેલ હતા. આ ઉપયોગી અને માહિતીપ્રદ ચર્ચાનું સંચાલન ડૉ. મિકી મહેતા (આંતરરાષ્ટ્રીય સ્તરના હોલિસ્ટિક હેલ્થ ગુરુ)એ કર્યું હતું.

ધ યોગા ઈન્સ્ટિટ્યૂટની ૧૦૨ વર્ષની ઉત્કૃષ્ટ સેવા વિશે

ધ યોગા ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના ૨૫ ડિસેમ્બર, ૧૯૧૮ના રોજ યોગા ગુરુ શ્રી યોગન્દ્રજીએ મુંબઈના સાંતાક્રૂઝમાં કરી હતી. સેવાભાવી સંસ્થા ધ યોગા ઈન્સ્ટિટ્યૂટએ દેશના લાખો પરિવારના લોકો માટે યોગાનો સંપૂર્ણ વિકાસ કરવા અમૂલ્ય પ્રદાન આપ્યું છે. સંસ્થાની સિદ્ધિઓ અને સફળતાનો શ્રેય શ્રી યોગેન્દ્રજી અને માતા સીતા દેવાના નેતૃત્તવમાં ત્રણ પેઢીઓના પ્રયાસોને જાય છે, જેમાં સ્વ. ડૉ. જયદેવ યોગેન્દ્ર, ડૉ. હંસાજી યોગેન્દ્ર અને ઋષિ જયદેવ યોગેન્દ્ર સામેલ છે.

સંસ્થાને વર્ષ ૨૦૧૮માંયોગાના વિકાસ અને પ્રોત્સાહન માટે ઉત્કૃષ્ટ પ્રદાન કરવા બદલ આયુષ મંત્રાલયે પ્રધાનમંત્રીનો એવોર્ડ એનાયત કર્યો હતો. વળી સંસ્થા આયુષ મંત્રાલય અંતર્ગત કાર્યરત ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા ભારતની પ્રથમ સર્ટિફાઇડ યોગા સ્કૂલ પણ છે.

ધ યોગા ઈન્સ્ટિટ્યૂટ ૫૦૦થી વધારે પ્રકાશનો ધરાવે છે અને સંસ્થા શ્રી યોગેન્દ્રજીનાં યોગા વિશેનાં પુસ્તકોને એના મૂળ સ્વરૂપમાં જાળવણી કરે છે તથા અમેરિકામાં ઓગ્લીથોર્પ યુનિવર્સિટીમાં સિવિલાઇઝેશન ક્રિપ્ટ (સભ્યતાની ગુફામાં) અને સૌથી મોટી મિલેનિયલ ટાઈમ કેપ્સૂલ ધરાવે છે, જેને ઇ. સ. ૮૧૧૩માં ખોલવામાં આવશે.

ભારતના આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાથે પ્રથમ આંતરરાષ્ટ્રીય યોગા દિવસ પર મંચ પર સ્થાન મેળવનાર એકમાત્ર મહિલા યોગા ગુરુ ડૉ. હંસાજી જયદેવ યોગેન્દ્ર છે.

દરરોજ આશરે ૨૦૦૦ લોકો તાલીમ અને સ્વાસ્થ્ય સંબંધિત સલાહ મેળવવા માટે ધ યોગા ઈન્સ્ટિટ્યૂટની મુલાકાત લે છે. યોગા ઈન્સ્ટિટ્યૂટે વર્ષોથી ૧૨૦ દેશોમાં ૧૦૦,૦૦૦થી વધારે નિષ્ણાતા યોગા શિક્ષકોને સર્ટિફાઇડ પણ કર્યા છે, જેમણે લાખો લોકોને યોગાની મદદ સાથે સંપૂર્ણ સ્વસ્થ જીવન જીવવામાં મદદ કરી છે.

## રાષ્ટ્રીય કામધેનુ આયોગના ચેરમેન ડો.વલ્લભભાઈ કથીરિયા વારાણસીની મુલાકાતે



રાષ્ટ્રીય કામધેનુ આયોગના ચેરમેન ડો.વલ્લભભાઈ કથીરિયાએ હાલમાં જ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજી ના મત વિસ્તાર વારાણસીની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન બનારસ હિન્દુ યુનિવર્સિટી (બીએચયુ)ની તેઓએ ખાસ મુલાકાત લીધી છે, જે ભારતની સૌથી પ્રાચીન યુનિવર્સિટીમાંની એક છે. આ યુનિવર્સિટીની સ્થાપના સ્વ. પંડિત મદન મોહન માલવીયાજીએ ૧૯૧૬માં કરી હતી. ત્યાંની સ્વદેશી ગાયોને લગતા અને બનારસ હિન્દુ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલ પગલાઓની સમીક્ષા બેઠક ડો. વલ્લભભાઈ કથીરિયાએ લીધી હતી, જેમાં શ્રી રાકેશ ભટનાગર (વી.સી.), બીએચયુ રજીસ્ટ્રાર અને કૃષિ પશુ ચિકિત્સા અને પશુ વિજ્ઞાન ડીર્પાટમેન્ટના વિભાગના તમામ એચઓડી ઓ પણ ઉપસ્થિત રહયાં હતાં.

## ઈએસઆઈસી સ્કીમમાં ૧૧.૭૫ લાખ નવા સભ્યો ઉમેરાયા

ન્યુ દિલ્હી,તા.૨૫

એમ્પ્લોઇઝ સ્ટેટ ઇન્શ્યૉરન્સ કોર્પોરેશન (ઇએસઆઇસી) દ્વારા સંચાલિત સામાજિક સુરક્ષા યોજનામાં ઑક્ટોબર મહિના દરમિયાન વધુ ૧૧.૭૫ લાખ મેમ્બર જોડાયા હતા. સપ્ટેમ્બરમાં ૧૧.૪૯ સભ્યોનો ઉમેરો થયો હતો. જૂનમાં ૮.૨૭ લાખ નવા મેમ્બર જોડાયા હતા, જ્યારે મેમાં એ આંકડો ૪.૮૭ લાખ અને એપ્રિલમાં ૨.૬૨ લાખ હતો. એ જોતાં, ઑક્ટોબરમાં મેમ્બરશિપનું પ્રમાણ વધ્યું હતું તેમ જ દેશમાં રોજગારના ક્ષેત્રને લગતું એક ચિત્ર પણ સ્પષ્ટ થયું હતું. એ ઉપરાંત, લૉકડાઉન હળવું થતું ગયું એમ રોજગાર ક્ષેત્રે વધુને વધુ લોકોની ભરતી થતી ગઈ એ મુદ્દો પણ નજર સમક્ષ આવ્યો.

આ આંકડા નેશનલ સ્ટૅટિસ્ટિકલ ઑફિસ (એનએસઓ) દ્વારા જાહેર કરવામાં આવ્યા હતા.

આ અહેવાલ એમ્પ્લોઇઝ પ્રોવિડન્ટ ફંડ ઑર્ગેનાઇઝેશન (ઇપીએફઓ) તથા પેન્શન ઍન્ડ રેગ્યુલેટરી ઍન્ડ ડેવલપમેન્ટ ઑથૉરિટી (પીએફઆરડીએ)સહિતની યોજનાઓ સાથે સંકળાયેલા નવા સબસ્ક્રાઇબરોના પેરોલ ડૅટા પર આધારિત છે. જુલાઈમાં નવા મેમ્બરોની સંખ્યા ૭.૬૧ લાખ અને ઑગસ્ટમાં ૯.૪૭ લાખ હતી. વર્ષ ૨૦૧૯-'૨૦માં ઇએસઆઇસી દ્વારા સંચાલિત યોજનામાં કુલ ૧.૫૧ કરોડ મેમ્બર જોડાયા છે. આગલા વર્ષમાં એ આંકડો ૧.૪૯ કરોડ હતો.

## ૧લી જાન્યુઆરીથી દરેક વાહનો પર ફાસ્ટેગ લગાવવું ફરજિયાત

નવી દિલ્હી, ૨૫ ડિસેમ્બર

કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલયે ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા માટે ૧લી જાન્યુઆરીથી દરેક વાહનો પર ફાસ્ટેગ લગાવવું ફરજિયાત કરી દીધું છે. તમે ૧લી જાન્યુઆરીથી કાર અથવા મોટા વાહનો પર ફાસ્ટેગ લગાવ્યા વિના નેશનલ હાઈવેના ટોલ પ્લાઝા પર પહોંચશો તો તેની ભારે કિંમત ચૂકવવી પડશે. નેશનલ હાઈવે પરથી પસાર થતાં ફાસ્ટેગ વિનાના વાહનો પાસેથી બમણો ટોલ વસૂલવામાં આવશે. જોકે, ફાસ્ટેગ માત્ર નેશનલ હાઈવે માટે છે. સ્ટેટ હાઈવેના ટોલ પ્લાઝા પર ફાસ્ટેગ કામ નહી કરે. ટોલ પ્લાઝા




પર ફાસ્ટેગ વગરના વાહનો માટે પણ એક લેન હશે, જ્યાંથી પસાર થતા સામાન્ય ટોલ જ વસૂલવામાં આવશે. સમગ્ર દેશમાં ૧લી જાન્યુઆરી, ૨૦૨૧થી બધા જ વાહનો માટે ટોલ બૂથ પર ફાસ્ટેગ ફરજિયાત કરાઈ રહ્યું છે. આ સુવિધા પ્રવાસીઓ માટે લાભદાયક રહેશે, કારણ કે તેમણે રોકડ ચૂકવણી, સમયની બચત અને ઈંધણ માટ ટોલ બૂથ પર રોકાવાની જરૂર નહીં પડે તેમ કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું. ઘણા લોકોને પ્રશ્ન થશે કે શું છે ફાસ્ટેગ? તો તેમને જણાવી દઈએ કે ફાસ્ટેગ રેડિયો ફ્રિકવન્સી આઈડેન્ટિફિકેશન પર આધારિત એક ટેગ છે, જે ગાડીની વીન્ડસ્ક્રીન પર લાગેલો હશે. વાહનો પર લાગેલો આ ફાસ્ટેગ ઈલેક્ટ્રોનિક રીતે વાંચી શકાશે. ટોલ પ્લાઝા પર લાગેલા કેમેરા તેને સ્કેન કરી શકશે અને ટોલ પ્લાઝાની રકમ આપમેળે કપાઈ જશે. તમારે ટોલનાકા પર ફી ચૂકવવા રોકાવું નહીં પડે. ફાસ્ટેગ ઓનલાઈન પેમેન્ટ મોડથી મોબાઈલની જેમ રિચાર્જ કરાવી શકાશે. આ સિવાય ફાસ્ટેગને માય ફાસ્ટેગ એપ અથવા નેટબેંક્રિંગ મારફત પણ રિચાર્જ કરી શકાશે.

ફોટો સ્ટોરી કુશલ ભાઈ ભટ્ટ

## અમિત શાહ આજથી આસામ, મણિપુરની બે દિવસની મુલાકાતે

ન્યુ દિલ્હી,તા.૨૫

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ ૨૬મી ડિસેમ્બર શનિવારથી આસામ અને મણિપુરની મુલાકાત લેશે. આ મુલાકાત દરમિયાન તેઓ ગુવાહાટીમાં નવી મેડિકલ કોલેજની શિલાન્યાસ વિધિ કરશે અને આસામ દર્શન કાર્યક્રમ હેઠળ ૮૦૦૦ 'નામઘર' અથવા વૈષ્ણવિતે આશ્રમ માટે નાણાકીય ગ્રાન્ટ્સનું વિતરણ કરશે, એમ અધિકારી સૂત્રોએ ગુરુવારે જણાવ્યું હતું. મણિપુરમાં તેઓ ચુરચંદ્રપુર મેડિકલ કોલેજ, મુઓંગખોંગ ખાતે એક આઇઆઇટી, રાજ્ય સરકારનું ગેસ્ટ હાઉસ, સ્ટેટ પોલીસ હેડક્વોર્ટર્સ તથા ઇમ્ફાલમાં ઇન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કધટ્રોલ સેન્ટરની શિલાન્યાસ વિધિ કરશે. નામઘર માટે નાણાકીય ગ્રાન્ટ્સ પૂરી પાડવાની સાથે શાહ સાંસ્કૃતિક અને પર્યટન સ્થળ તરીકે બાતાદ્રવ થાનના વિકાસની શિલાન્યાસ વિધિ કરશે, એમ ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું.આસામના નાગાંવ જિલ્લાના વૈષ્ણવિતે આશ્રમ બાતાદ્રવ થાનની સ્થાપના ૧૫મી-૧૬મી સદીના આસામના સંત શ્રીમંતશંકરાદેવ દ્વારા કરવામાં આવી હતી.

### સિંધ હાઈકોર્ટે મુક્તિનો આદેશ આપ્યો

## અલ કાયદાના નેતા ઓમર શેખને આજે પાકિસ્તાન જેલમાંથી મુક્ત કરાશે

ઈસ્લામાબાદ,તા.૨૫

બ્રિટનમાં જન્મેલા મૂળ પાકિસ્તાની એવા અલ કાયદા આતંકવાદી સંગઠનના નેતા ઓમ સઈદ શેખ તેમજ તેના ત્રણ સાગરિકોને જેલમાંથી મુક્ત કરવા કરાચીની કોર્ટે ગુરુવારે આદેશ આપતા તમામને આવતીકાલે મુક્ત કરાશે. ઓમર સઈદ શેખ સહિત ચાર લોકોને ૨૦૦૨માં અમેરિકાના વર્તમાનપત્ર ધ વોલ સ્ટ્રીટ જર્નલના પત્રકાર ડેનિયલ પર્લની ગળું કાપીને હત્યા કરવાના ગુનામાં દોષી ઠેરવી સજા કરવામાં આવી હતી. ઓમર શેખ અલ કાયદાનો નેતા હતો અને તેણે લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાં અભ્યાસ કર્યો હતો પરંતુ તેણે ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યું નહતું. ૧૯૯૪માં ભારતમાં દિલ્હી ખાતે વિદેશી પ્રવાસીઓના કેડિનેપિંગના કેસમાં ઓમર શેખની ધરપકડ કરવામાં આવી હતી. આ ઉપરાંત અમેરિકામાં ટ્વીન ટાવર પર ૧૧ સપ્ટેમ્બર ૨૦૦૧ના થયેલા આતંકવાદી હુમલામાં સંડોવાયેલા એક આતંકવાદીને નાં ટ્રાન્સ્ફર કરવાનો પણ ઓમર પર આક્ષેપ હતો. ૧૯૯૯માં પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની સરકાર વખતે પાકિસ્તાની આતંકવાદીઓએ ઈન્ડિયન એરલાઈન્સનું કાઠમંડુથી અપહરણ કર્યું હતું અને ફલાઈટને અફઘાનિસ્તાનના કંદહાર લઈ જવામાં આવી હતી. આતંકવાદીઓએ તે સમયે ત્રણ આતંકવાદીઓ ઓમર શેખ, મસુદ અઝહર અને મુશ્તાક અહેમદ ઝરગરને ભારતની જેલમાંથી છોડવા માંગ કરી હતી. ૧૫૦ મુસાફરોના જીવના બદલામાં ભારત સરકારે આ માગણી સ્વીકારી અને ત્રણેય આતંકવાદીઓને મુક્ત કર્યા હતા. બાદમાં મસુદ અઝહરે જૈશ-એ-મોહમ્મદની સ્થાપના કરી હતી.

અમેરિકાના પત્રકાર ડેનિયલ પર્લની હત્યાના દોષી અને સજા કાપી રહેલા ઓમર શેખ તેમજ તેના ત્રણ સાગરિતો ફહદ નસીમ, સલમાન સકીબ અને શેખ આદિલને જેલમાંથી મુક્ત કરવા પાકિસ્તાનની કોર્ટે ગુરુવારે આદેશ આપ્યો હતો. જસ્ટિસ એ કે આગાની વડપણ હેઠળની સિંધ હાઈ કોર્ટની બે જજની બેન્ચે એજન્સીઓને આદેશ કરી ઓમર શેખ તેમજ તેના સાગરિતોને કેદમાં નહીં રાખવા જણાવ્યું હતું. આ સાથે જ ઓમર અને તેના સાથીઓ વિરુદ્ધના સિંધ સરકારના તમામ આદેશોને રદ કરવા જણાવ્યું હતું. કોર્ટે ચારેય લોકોની અટકાયત ગેરકાયદે હોવાનું તારણ કાઢ્યું હતું. જેલ સુપ્રીટેન્ડન્ટના મતે કરાચી મધ્યસ્થ જેલનો ઓર્ડર મળવામાં થયેલા વિલંબથી તમામને કરાચી મધ્યસ્થ જેલમાંથી ગુરુવારે મુક્ત કરી શકાયા નહતા. ચારેયના વકીલે જણાવ્યા મુજબ શુક્રવારે જાહેર રજા હોવાથી હવે તમામનો શનિવારે જેલમાંથી છૂટકારો થશે.

# ગુજરાતી સારસ્વત પરિચય

નરસિંહરાવ દિવેટીયાએ મંગળ મંદિર ખોલ્યા.

ત્યાં તો દલપતરામે ઋતુઓનું વર્ણન કર્યુ.

'ગનીલ્લ દહીંવાલાએ નિષ્ફળ નિષ્ફળ રમતા શીખવ્યું.

અમૃત 'ઘાયલલ્લ એ શાનદાર જીવ્યા નો દાખલો આપ્યો.

દૂધમાં સાકરની જેમ ઉમાશંકર જોશીએ પરિચય આપ્યો.

મરીઝએ ધીમા પ્રવાસનું ભાન કરાવ્યું.

'શૂન્યલ્લ પાલનપુરીએ મંદિરમાં દેવોના દર્શન આપ્યા.

ધૂમકેતુ "મરિયમ ન મળી, કાગળે ન મળ્યો." ના દુઃખદ સંદેશા લાવ્યા

ગુજરાતનો નાથ કનૈયાલાલ મુન્શી પાસેથી મળી આવ્યા.

ઝવેરચંદ મેઘાણીએ લગાડ્યો કસુંબીનો રંગ.

સરસ્વતીચન્દ્ર આપી ગોવર્ધનરામ ત્રિપાઠીએ ધન્ય કર્યા.

રમણલાલ દેસાઈએ દેખાડ્યું, કેમ આકાશમાં ઉડતું કિલ્લોલ કરતું પક્ષી એકાએક આજ્ઞાધારી વિમાન બની ગયું!

ખબરદારએ જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત! દાખવ્યું.

બોટાદકર, સાચે જ જનનીની જોડ જગે નહીં જડે રે, લોલ!

છ અક્ષરનું નામ પણ રમેશ પારેખ ઘણું કહી ગયા.

બાલાશંકર કંથારીયા એ જીવન મંત્ર આપ્યું – ગુજારે જે શિરે તારે, જગતનો નાથ તે સહેજે. ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું ગણે લેજે ."

રાવજી પટેલએ મારી આંખે કંકુના સૂરજ આથમ્યાથી હ્દય કંપાવી દીધુ

ઈન્દુલાલ ગાંધીએ આંધળી માનો પત્ર પ્હોચાડયો.

અખો તમે મૂરખ બન્તાં બચાવ્યા. "એક મૂરખને એવી ટેવ, પત્થર એટલા પૂજે દેવ."

સુંદરજી બેટાઈએ પ્રોત્સાહન આપ્યું "જાવું જરૂર છે. બંદર છો દૂર છે."

રાજેન્દ્ર શુકલના પ્રશ્નનો નથી જવાબ હજી – કીડી સમી ક્ષણોની આ આવજાવ શું છે?

નરસિંહ મહેતા સાથે વૈષ્ણવજન થયા અને પીડ પરાઈ જાણી.

હેમન્ત દેસાઇને મનગમતું ગમયું

"બૂટ બાટા સિવાયના, કઠોળ ચણાદાળ સિવાયનાં,

શાક રીંગણ સિવાયનાં અને કપડાં ખાદી સિવાયનાં

કોઇ પણ મને ગમે."

માણસમાં રાખ્યા જયંત પાઠકએ "રમતાં રમતાં લડી પડે ભૈ, માણસ છે.

હસતાં હસતાં રડી પડે ભૈ, માણસ છે,"

બાલમુકુન્દ દવે એ સમજાવી દીધું સાનમાં

કૃષ્ણલાલ શ્રીધરાણી સાચી પૂજા શીખવી. ઘંટના નાદે કાન ફૂટે મારા, ધૂપથી શ્વાસ રૂંધાય; ફૂલમાળા દૂર રાખ પૂજારી, અંગ મારું અભડાય; ન નૈવેદ્ય તારું આ ! પૂજારી પાછો જા !

"પાન લીલું જોયું ને હરીન્દ્ર દવે યાદ આવ્યાં. "

પ્રીતમનો હરીનો મારગ શૂરાનો છે.

મકરન્દ દવેનો ગુલાલ તો કદી ગુંજે નહીં ભરાઇ " ગમતું મળે તો અલ્યા ગુંજે ન ભરીયે,ગમતાંનો કરીએ ગુલાલ."

ચંદ્રકાન્ત બક્ષીનું આ વાક્ય બહુ મોડુ વાચ્યું "ખરાબ આદતોને નાની ઉંમરથી શરૂ કરવી જોઈએ કે જેથી મધ્યવયમાં છોડી શકાય !"

સુરેશ દલાલ, તમે વાતો કરો તો થોડું સારું લાગે

"હું તો બસ ફરવા આવ્યો છું!" નિરંજન ભગત સાથે ફરવાની મજા આવી.

" 'બેફામલ્લ તો યે કેટલું થાકી જવું પડ્યું? નહીં તો જીવનનો માર્ગ છે, ઘરથી કબર સુધી."

જયંતિ દલાલનું સચોટ વાક્ય "સૌથી ભયંકર વસ્તુ એ છે કે, આજે આપણને કશું ભયંકર લાગતું જ નથી. "

કુન્દનિકા કાપડિયા સાથે સાત પગલાં આકાશમાં ભરયા.

"ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ? કહશો રાજેન્દ્ર શાહ

ખરેખર શયદા, "તું કહે છે અશ્રુ ચાલ્યા જાય છે, હું કહું છું જિંદગી ધોવાય છે.

પિનાકિન ઠાકોર સાથે પોકારું, "હે ભુવન ભુવનના સ્વામી,"

કલાપી તમને શું કહુ, જ્યાં જ્યાં નજર મ્હારી ઠરે યાદી ભરી ત્યાં આપની,

કુમારપાળ દેસાઇ એ દર્દ અને દયાનો ભેદ દાખવ્યો. 'મારી આંખોમાં દર્દ છે, દયાની ભીખ નથી.લ્લ

"યાહોમ કરીને પડો, ફત્તેહ છે આગે." ખરું કહ્યું નર્મદે

શ્યામ સાધુજી " બારી બહાર શૂન્યતા ખડખડ હસી પડી.

ઘરમાં ઉદાસ મૌનનાં ટોળાં હળી ગયાં."

કરસનદાસ માણેક, તમારું જીવન અંજલિ થયું

મનોજ ખંડેરિયા તમે કહેશો કેમ આમ બને કે પકડું કલમને, ને હાથ આખેઆખો બળ છે?

'સૈફલ્લ પાલનપુરી તમે તો છો ગઝલ સમ્રાટના શિષ્ય મને બનવું તમારી શિષ્ય

નાથાલાલ દવે, " કામ કરે ઇ જીતે રે માલમ ! કામ કરે ઇ જીતે. "

દિનકર જોશી સાહેબ, ' પ્રકાશના કાંઇ પડછાયા હોય ?

"જુદી જિંદગી છે મિજાજે – મિજાજે, સરોદજી!

ઘણીવાર વિચારું જગદીશ જોષીજી "ધારો કે એક સાંજ આપણે મળ્યાં અને આપણે હળ્યાં પણ આખા આ આયખાનું શું?

"માથું અરીસામાં જ રહ્યું.

ને બહાર નીકળી પડી હું, સંસ્કૃતિરાણી દેસાઇ તમે કદાચ મળી જશો.

તમારી વાત સાવ સાચી હિમાંશી શેલતજી , "જીવીએ પહેલાં પછી લખાય તો ઠીક છે, ન લખાય તો વસવસો નથી"

– "હાસ્ય એ દરેક રોગોનો રામબાણ ઇલાજ છે." તારક મહેતા સાહેબનું રામબાણ અકસીર છે.

– ચન્દ્રકાન્ત શેઠ "કવિતા જન્મે છે વ્યક્તિમાં, પણ જીવે છે સમાજમાં." ,.

અશોક દવે, તમારે તો " લખવાના કારણે બપોરનાય ઉજાગરા થાય છે."

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક.સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ માં આજે મેમ્બરો ની " એકરાર.સ્વપ્ન સંસાર.સ્વપ્ન જેવો સંબંધ" વિષય અંતર્ગત " પદ્ય " રચનાઓ....

-----------------------------------------

**NOG 0015**

વિભાગઃ-પદ્ય

પ્રકારઃ-એકાવનાક્ષરી કાવ્ય

શીર્ષકઃ- સપનાં જેવો સંબંધ

ઉડશે અચાનક,
આજે ભીતરમાં જે બંધ છે.
ભેદી રહસ્ય સઘળું,
કેમ જાણું? જિંદગી અંધ છે.
જીવ સાથે શ્વાસને,
સપનાં જેવો જ સંબંધ છે.

મેહુલ ત્રિવેદી (ઘાયલ મેઘ) ખેરાળી

-----------------------------------------

**NOG SS NO :- 001**

વિભાગ ; પદ્ય.

શીર્ષક ; " સ્વપ્નની સ્મરણાંજલિ"

શું કરું ફરિયાદ તને એ જિંદગી...!
હસીન પણ કઠોર છે તું જિંદગી...!
ઝાંઝવાનાં જળ તું એ જિંદગી...!
જન્મથી તારો સંગાથ એ જિંદગી..!
માનાં ખોળેથી ઉતરી ચાલ્યો ...!
પપ્પાની આંગળી પકડી એ જિંદગી..!
કદમ સ્થિર થાય એ પહેલાં તે ..!
મમતા છીનવી લીધી બે રહેમ જિંદગી..!
જીવનની કઠીન યાત્રામાં એ જિંદગી..!
સથવારો સ્નેહનો મળ્યો મને..!
રાહ એક ચાહ એક બની જિંદગી..?
પ્રેમની પાઠશાળા નયન ચાર થયા ..!
અંતર મન પ્રકાશિત થયું ...!
સજોડે સ્વપ્ન સજાવી બેઠાં એ જિંદગી..!
પરિવારની મહોર લાગે એ પહેલાં ..!
વિધિનું વિધાન ખરું થઈ ને જ રહ્યું..!
એ લાલ બંગલાની ચાલ એ જિંદગી..!
મિલનની મધુર યાદો એ જિંદગી..!
અંતિમ ક્ષણોનું સંભારણું બન્યું ..!
એ હસીન ગુલાબ મારા ખોળામાં ..!
હંમેશ માટે વિખરાય ગયું એ જિંદગી.!
હું," તો ચાલી તમે જીવી જાણો એ જીંદગી"..?
મને છોડી અનંત યાત્રા પર ચાલી..!
કહે," પ્રદીપ સ્મરણાંજલિ તને શું આપુ જિંદગી..!
ખુદ લૂંટાઈ બેઠો,યાદ કરતાં હૈયુ કંપે,જ્યું...
લખતાં હાથ પડે છે હેઠો... જિંદગી"...!

પ્રદીપ રાવલ

-----------------------------------------

**NOG. SS NO. 0026**

વિભાગ - પદ્ય(રચના)

શબ્દ - એકરાર

શીર્ષક - સજા પામ્યા.

તમારા પ્રેમનો એકરાર કરવાની સજા પામ્યા.
દિવસને રાત પ્રીતમને લો સ્મરવાની સજા પામ્યા.
વસાવી આપને દિલમાં, પછીની વાત શું કરવી?
અમે લોકોની નજરોમાં ચડવાની સજા પામ્યા.
છુપાઈ ક્યાં કદી નજરો ઈશ્કનાં જળમાં જે ડૂબી,
ઘણાંયે તર્ક કરતા ત્યાં જ તરવાની સજા પામ્યા.
અમે લખતાં વિચારો જે છતાંયે દાદના મળતી,
કરીને શાયરી જેવું, કગરવાની સજા પામ્યા.

અંજના ગાંધી "મૌનું" વડોદરા

-----------------------------------------

**NOG SS No / 0054**

વિભાગ - પદ્ય

વિષય - સપના જેવો સંબંધ

શીર્ષક : સપનામાં પડ્યો છે

મારી પાસે એક સપના જેવો સંબંધ સપનામાં પડ્યો છે,
જે ગણાતો મિત્રતાનો સંબંધ, હજીય અકબંધ પડ્યો છે.
મિત્રતાનો હાથ પકડી હું ક્યાંક પથ પર ચાલતી હતી,
એ સપના જેવો સંબંધ આજે તાજો નજરે પડે છે.
મિત્રતાની સુગંધ હાથોમાં રહેવાનો અહેસાસ રહ્યા કરે છે,
જે હતી દોસ્તી એ હજીય સપનામાં દેખાતી પડે છે.

સપના શાહ ગોધરા

-----------------------------------------

**NOG.SS No .:0051**

શીર્ષકઃ "એકરાર", "સ્વપ્ન સંસાર" "સપના જેવો સંબંધ "

વિભાગ : પદ્ય

પ્રેમ તણો એકરાર
વાલમ વેદના આપે રે...
ભવભવની પ્રીત
સ્વપ્ન સંસાર લાગે રે...
લાગણીઓનાં વહેણમાં
તણાતું જીવન ખાસ રે...
સ્વપ્નોનાં સમણાં સાથે
બંધાઇ પ્રીત પિયુ રે...
બાંધી સંગ સગપણ
સપના જેવો સંબંધ રે....
મનડું મારૂં મહેલોનાં
ઝરુખે ઝૂમતું રે....
સપના કેરો ભરથાર
પામું વારંવાર રે....
સાથીનો સાથ
સ્વપ્નોથી સુંદર લાગે રે...
સપનોનું સુખ
સમણાં જેવું લાગે રે....

ઉર્વશી મહેતા અમદાવાદ.

-----------------------------------------

**NOG SS No. 0065**

વિભાગ - પદ્ય

વિષય - એકરાર

જિંદગીની આ સફરમાં,
સાથે ચાલવાનો એકરાર.
સુખ દુઃખના સમયમાં પણ,
સાથ ના છોડવાનો એકરાર.
સફરની આ કાંટાળી કેડીપર,
ઉબડખાબડ રસ્તા પર,
હંમેશા સપ્તપદીનાં ફેરાપર,
લીધેલા વચનનો એકરાર.
આપણો આ જીવન સંસાર,
હંમેશા સુખરૂપ ચાલે ,
તેવો પ્રભુ પાસે એકરાર.

હર્ષા શાહ

-----------------------------------------

**NOG SS No. 0014**

પ્રકારઃ- પદ્ય (સોનેટ-શિખરિણી)

શીર્ષકઃ- જગતચક્ર એક સમણું

અંધારેથી ગિરિધર મને તું લઇ જા,
જુઠા સંસારેથી ગિરિધર મને તું લઇ જા,
હવે થાક્યો, જો નિયમ સઘળાં હોત કુસુમો,
પછી મારા સ્વપ્ને જગતતીર્થોતમ મળે.
સમુદ્રના તીરે હૃદય હરખીને વિચરતું,
મિથ્યા સ્વપ્નને મન નિરખી ને મલકતું,
થતા ઝાંખી એ સત્યની, જળ ચક્ષુથી છલકતું;
લહેરોની ભૂસેલ કસમ ફરીથી ચિતરતું.
એ તારુ-પોતાનું, ઘર-વતનનું, સ્વખપતનું,
ને આ તારું મિથ્યા જનમ પણ એક સપનું,
ફર્ક એ સ્વપ્નનાં નયન ખુલતાં કઇ નથી,
અને અસ્તિત્વના નયન ઢળતા કઇ નથી.
છે ભ્રાંતિ આ સંસાર, જગતચક્ર એક શમણું.
જયાંથી જાવું છે ઇશ ચરણ,ત્યાગીનેસઘળું..

જયેશ સંઘાર....ભોજાય,કચ્છ




## બોક્સિંગ ડે ટેસ્ટઃ ભારતીય ટીમમાં ચાર ફેરફાર,ગિલ-સિરાઝ ડેબ્યૂ કરશે

# ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે મેલબર્નમાં આજથી બીજી ટેસ્ટ

મેલબર્ન,તા.૨૫

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ચાર મેચની ટેસ્ટ સિરીઝની બીજી મેચ કાલથી એટલે ૨૬ ડિસેમ્બરથી મેલબોર્નમાં રમાશે. બોક્સિંગ ડે ટેસ્ટ મેચના એક દિવસ પહેલા ટીમ ઈન્ડિયાએ પોતાની પ્લેઈંગ ઈલેવનની જાહેરાત કરી દીધી છે. આ મેચમાં નિયમિત કેપ્ટન વિરાટ કોહલીની જગ્યાએ અજિંક્ય રહાણે ટીમ ઈન્ડિયાની કેપ્ટન્સીપ કરશે. ઉલ્લેખનીય છે કે ચાર ટેસ્ટ મેચોની પ્રથમ ટેસ્ટ મેચોમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને આઠ વિકેટે હરાવ્યું હતું. ઓસ્ટ્રેલિયા સિરીઝમાં ૧-૦થી આગળ છે. ત્યારે ભારત બીજી ટેસ્ટમાં મજબૂત દેખાવ કરી સિરીઝમાં વાપસીના પ્રયત્નો કરશે. ભારતીય ટીમમાં ચાર ફેરફાર કરવામાં આવ્યા છે.



ભારતીય ક્રિકેટ ટીમ તરફથી બે ખેલાડી ટેસ્ટમાં ડેબ્યૂ કરશે. જેમાં પૃથ્વી શોની જગ્યાએ શુભમન ગિલનો સમાવેશ કરવામાં આવ્યો છે જ્યારે મોહમ્મદ શમીની જગ્યાએ મોહમ્મદ સિરાજનો સમાવેશ કરવામાં આવ્યો છે. ટીમ ઈન્ડિયા તરફથી મયંક અગ્રવાલની સાથે શુભમન ગિલ ઓપનિંગ કરશે, ત્યારબાદ ચેતેશ્વર પૂજારા આવશે. તે બાદ કેપ્ટન અજિંક્ય રહાણે બેટિંગમાં આવશે. ભારતીય ક્રિકેટ ટીમના મિડલ ઓર્ડરની જવાબદારી હનુમા વિહારી અને રિષભ પંત પર રહેશે. રવિન્દ્ર જાડેજા અને આર.અશ્વિન પૂછડિંયા બેટ્સમેન તરીકે મેદાનમાં ઉતરશે.

ભારતીય ક્રિકેટ ટીમમાં ત્રણ ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહ, ઉમેશ યાદવ અને મોહમ્મદ સિરાજ પર રહેશે. જ્યારે આર.અશ્વિન અને રવિન્દ્ર જાડેજા સ્પિનરની ભૂમિકામાં છે.

એડિલેડમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતીય ક્રિકેટ ટીમે ૮ વિકેટે હારનો સામનો કરવો પડ્યો છે. આ ડે-નાઈટ ટેસ્ટમાં જીત બાદ ઓસ્ટ્રેલિયાએ ચાર મેચની ટેસ્ટ શ્રેણીમાં ૧-૦ની લીડ મેળવી હતી. વિરાટ કોહલી ભારત પરત ફર્યો છે. વિરાટ કોહલી પેટરનીટિ લિવ પર છે. વિરાટ કોહલીની જગ્યાએ અજિંક્ય રહાણે બાકીની ત્રણ ટેસ્ટ મેચમાં કેપ્ટન્સીપ કરશે જ્યારે ચેતેશ્વર પૂજારા વાઇસ કેપ્ટન છે.

ઉલ્લેખનીય છે કે કેપ્ટન કોહલી પેટર્નલ લીવ પર બીજી ટેસ્ટ પહેલા ભારત પરત ફર્યો છે, જ્યારે સ્ટાર ફાસ્ટ બૉલર મોહમ્મદ શમીને ઈજા થતાં તે પણ ટીમમાંથી બહાર છે.

બોક્સિંગ ડે ટેસ્ટ માટે ટીમ ઈન્ડિયાની પ્લેઈંગ ઈલેવનની જાહેરાત

અજિંક્ય રહાણે (કેપ્ટન), મયંક અગ્રવાલ, શુભમન ગિલ (ડેબ્યૂ), ચેતેશ્વર પૂજારા (વાઈસ કેપ્ટન), હનુમા વિહારી, રિષભ પંત (વિકેટકીપર), રવિન્દ્ર જાડેજા, આર.અશ્વિન, ઉમેશ યાદવ, જસપ્રિત બુમરાહ, મોહમ્મદ સિરાજ (ડેબ્યૂ).

# પોપ ફ્રાન્સીસે ઈંસ્ટાગ્રામ પર વધુ એક મોડલની એકદમ હોટ તસવીર લાઈક કરતાં હોબાળો

પેરિસ,તા.૨૫

ખ્રિસ્તીઓના સર્વોચ્ચ ધર્મગુરૂ પોપ ફ્રાન્સીસનું ઈસ્ટાગ્રામ એકાઉન્ટ ફરી એકવખત વિવાદોમાં ઘેરાયું છે. પોપ પર એક એક્સ રેટેડ મોડલની હોટ તસવીરને 'લાઈક' કરવાનો આરોપ મૂકાયો છે. બિકની મૉડલ મારગૉટ ફૉક્સએ એક સ્ક્રીનશોટ શેર કરવાનો દાવો કર્યા કે તેમની એક બોડીશૂટ વાળી ભડકાઉ તસવીરને ૨૫૦૦ લોકો એ ઈંસ્ટાગ્રામ પર લાઈક કરી છે જેમાં પોપ પણ સામેલ છે.

મૉડલ એ કહ્યું કે પોપ એ મારી તસવીરને લાઈક કરી છે તેનો મતલબ છે કે હું સ્વર્ગ જઈ રહી છું. પોપ એ આ તસવીરને લાઈક કરતા મોટી સંખ્યામાં લોકો આલોચના કરી રહ્યા છે તો કેટલાંક એવા પણ છે જે તેમના માટે પોપને દોષિત ગણતા નથી. એટલું જ નહીં કેટલાંક એવા પણ છે જે મોડલને કહી રહ્યા છે કે તમે લકી છો જે પોપ એ તમારી તસવીરને લાઈક કરી છે.

આની પહેલાં પોપ ફ્રાન્સીસના સત્તાવાર ઈંસ્ટાગ્રામ એકાઉન્ટ પરથી બિકિની પહેરેલ બ્રાઝીલિયન મોડલની ભડકાઉ તસવીરને 'લાઈક' કરતા સોશિયલ મીડિયા પર ઉહાપોહ મચી ગયો હતો. એક સોશિયલ મીડિયા યુજરના પોપના ઈંસ્ટાગ્રામ એકાઉન્ટ જફ્રાન્સિસની મોડલની તસવીરને લાઈક કર્યાનો સ્ક્રીનશોટ વાયરલ થયો હતો. આ તસવીરમાં મોડલ નતાલિયા ગરિબોટો એક સ્કૂલ ગર્લના યુનિફોર્મમાં દેખાય રહી હતી. આ ખૂબ જ ભડકાઉ તસવીરમાં નતાલિયા પુસ્તકોને લોકરમાં મૂકતી દેખાય છે. સ્ક્રીનશોટમાં દેખાય રહ્યું છે કે પોપ ફ્રાંસીસ સિવાય ૧,૩૩,૦૦૦ લોકો એ નતાલિયા (૨૭)ની આ તસવીરને લાઈક કરી છે. બીજીબાજુ ટ્રોલ થયા બાદ નતાલિયા મજાકમાં કહ્યું કે તેઓ પોતાના ટ્વિટર ફોલોઅર્સની સાથે વેટિકન જવાની છે. નતાલિયા એ કહ્યું કે મારી માતા એ આ તસવીરને નકારી દીધી પરંતુ પોપ ને આ પસંદ આવ્યું.

# ૨૧ વર્ષીય આર્યા બની દેશની સૌથી યુવા મેયર, તિરવનંતપુરમના મેયર તરીકે લેશે શપથ

*તિરુવનંતપુરમ્,તા.૨૫*

૨૧ વર્ષીય બી.એસ.સી વિદ્યાર્થિની આર્યા રાજેન્દ્ર થિરુવનંતપુરમની મેયર બનવા જઈ રહી છે. મેયર તરીકે પદ સંભાળ્યા બાદ આર્ય રાજયની સૌથી યુવા મેયર બની જશે. આ સાથે જ આર્યા દેશમાં સૌથી યુવા વયે મેયર બનનારી વ્યક્તિ પણ બની જશે. આર્યા સીપીએમ તરફથી ચૂંટણી લડી હતી. તેણીએ તેની પ્રતિસ્પર્ધી શ્રીકલાને ૨૮૭૨ મતથી હાર આપી હતી. તેણી ચૂંટણીમાં પણ સૌથી યુવા ઉમેદવાર હતી. આર્યા થિરુવનંતપુરમ શહેરના મુદવનમુગલ વોર્ડમાંથી વિજેતા બની છે.

આર્યા પહેલા કાવ્યા નામની યુવતી ૨૦૧૯ના વર્ષમાં તેલંગાણાના જવાહર નગર મ્યુનિસિપલ કોર્પોરેશનની મેયર બની હતી. કાવ્યા ૨૬ વર્ષે મેયર બનનારી દેશની સૌથી યુવા વ્યક્તિ હતી. આર્યાએ ૨૧ વર્ષની ઉંમરમાં જ મેયર બનીને હવે કાવ્યાનો રેકોર્ડ તોડી નાખ્યો છે. આર્યા હાલ બી.એસ.સીના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. આર્યા ઓલ સેન્ટ્સ કૉલેજ થિરુવંતપુરમ ખાતે અભ્યાસ કરે છે. આ સાથે તેણી બાલા સંઘમ સંસ્થાની પ્રમુખ પણ છે. આ ઉપરાંત તેણી સીપીએમની વિદ્યાર્થી પાંખ જીહ્નૈંની સ્ટેટ ઑફિસર પણ છે. એટલું જ નહીં તેણી સીપીએમની બ્રાંચ કમિટિ સભ્ય પણ છે. આર્યા એક ઈલેક્ટ્રિશિયલ રાજેનદ્ર તેમજ એલઆઈસી એજન્ટ શ્રીલથાની દીકરી છે.

# ૨૦૨૧માં એક મજબૂત ડ્રેગન દુનિયા પર કબ્જો કરી લેશેઃ બાબા વેંગાની ભવિષ્યવાણી

વોશિંગ્ટન,તા.૨૫

અમેરિકામાં અલકાયદાના ૯/૧૧ હુમલાથી લઈને સુનામી સુધીની સચોટ ભવિષ્યવાણી કરનાર ભવિષ્યવક્તા બાબા વેંગાએ કોરોના કાળમાં પ્રલયની ચેતવણી આપીને સૌ કોઈને અચંબામાં નાખી દીધા છે. લગભગ ૮૫ વર્ષની વયે વર્ષ ૧૯૯૬માં આ દુનિયામાંથી અલવિદા કહી ચૂકેલા બાબા વેંગાની ભવિષ્યવાણી છે કે વર્ષ ૨૦૨૧માં સમગ્ર દુનિયા 'પ્રલય અને મહાવિપત્તિઓ'નો સામનો કરશે. આટલું જ નહીં 'મજબૂત ડ્રેગન' (ચીન) સમગ્ર માનવતા પર કબ્જો કરી લેશે.

જોકે બાસ્કન વિસ્તારના નાસ્ત્રેદમસ કહેવાતા બાબા વેંગાની એક સારી ભવિષ્યવાણી પણ છે. તેમણે કહ્યું કે, વર્ષ ૨૦૨૧માં દુનિયામાં મહામારીનું રૂપ ધારણ કરી રહેલી કેન્સરની બીમારીની સારવાર મળશે. વર્ષ ૨૦૨૦માં કોરોના વાયરસ સામે લડી રહેલી દુનિયાને બલ્ગેરિયાની બાબા વેંગાની આ ભવિષ્યવાણીએ ચિંતામાં નાખી દીધા છે. કોરોના વેક્સીન આવ્યા બાદ દુનિયા રાહતની ઉમ્મીદ કરી રહી હતી પરંતુ આ ભવિષ્યવાણીએ સૌ કોઈની ચિંતા વધારી દીધી છે.

બાબા વેંગાએ કહ્યું કે, વર્ષ ૨૦૨૧માં ત્રણ 'રાક્ષસ' એક થઈ જશે અને એક 'મજબૂત ડ્રેગન' દુનિયા પર કબજો કરી લેશે. તેમણે કહ્યું કે, નવા વર્ષમાં દુનિયા સામે કઠણ સમય આવશે. વિશ્વભરમાં લોકો આસ્થાના આધારમાં વહેંચાઈ જશે. તેમણે કહ્યું કે, અમે વિનાશકારી ઘટનાઓને જોઈ રહ્યા છીએ જે માનવતાના ભાગ્ય અને નિયતિને બદલી નાખશે. બાબાના કેટલાક ભક્તોનું કહેવું છે કે અહીં ડ્રેગનથી મતલબ ચીનના દુનિયામાં વધતા પ્રભાવ સાથે છે. કથિત રૂપથી વર્ષ ૧૯૯૬માં જાતે પોતાના મોતની ભવિષ્યવાણી કરનારા બાબા વેંગાએ કહ્યું કે વર્ષ ૨૦૨૧માં કેન્સરની સારવાર દુનિયાને મળશે. તેમણે કહ્યું કે, તે દિવસ આવશે જ્યારે કેન્સરને જીત મેળવી શકાશે. જણાવી દઈએ કે બાબા વેંગાની ઘણી ભવિષ્યવાણીઓ સાચી સાબિક થઈ છે, પરંતુ ઘણી સંપૂર્ણ રીતે ખોટી સાબિત થઈ છે. બાબા વેંગાના મોત બાદ પણ તેમની ભવિષ્યવાળી વર્ષ ૫૦૭૯ સુધી ચાલુ રહેશે. તેમનું માનવું છે કે આ બાદ દુનિયા ખતમ થઈ જશે.બાબા વેંગાએ એવો પણ દાવો કર્યો છે કે વર્ષ ૨૦૨૧માં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ બહાર થઈ જશે. આટલું જ નહીં રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિનને જીવલેણ હુમલાથી પોતાનો બચાવ કરવો પડશે. યુરોપ પર મુસ્લિમ કટ્ટરપંથી કેમિકલ હુમલો કરશે અને યુરોપને હચમચાવી નાખશે.

## પૂર્વ વડાપ્રધાનશ્રી સ્વ.અટલબિહારી વાજપયીના જન્મ દિવસે

# બનાસકાંઠા જિલ્લામાં ૧૪ જગ્યાએ સુશાસન દિવસની ઉજવણી કરાઇ



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

તા.૨૫ મી ડિસેમ્બર, પૂર્વ વડાપ્રધાનશ્રી સ્વ. અટલબિહારી વાજપયીના જન્મ દિવસને કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા વર્ષ-૨૦૧૪થી સુશાસન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે તા. ૨૫ ડિસેમ્બરે રાજય સરકાર દ્વારા સુશાસન દિવસની ઉજવણીના ભાગરૂપે સાત પગલાં ખેડુત કલ્યાણના કાર્યક્રમ અંતર્ગત કિસાન કલ્યાણ યોજનાઓના લાભાર્થીઓને સધાન સામગ્રી સાથે સહાય વિતરણના કાર્યક્રમો યોજી બનાસકાંઠા જિલ્લામાં ૧૪ જગ્યાએ સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સુશાસન દિવસની ઉજવણી

## વડગામ ખાતે તાલુકા પંચાયતના પ્રમુખશ્રી પરથીભાઇ ગોળના અધ્યક્ષસ્થાને કિસાન કલ્યાણ યોજના કાર્યક્રમ યોજાયો

અંતર્ગત વડગામ માર્કેટયાર્ડ ખાતે તાલુકા પંચાયતના પ્રમુખશ્રી પરથીભાઇ ગોળના અધ્યક્ષસ્થાને કિસાન કલ્યાણ કાર્યક્રમ યોજાયો હતો. દરેક તાલુકામાં યોજાયેલ કાર્યક્રમમાં માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સ, સેનેટાઇઝર સાથે ટેમ્પ્રેચર ગનથી તાપમાન ચેક કરીને બેઠકના સ્થળે ખેડુતોને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

સુશાસન દિવસની ઉજવણી પ્રસંગે સાત પગલાં ખેડુત કલ્યાણ અંતર્ગત ચાલુ વર્ષ-૨૦૨૦-૨૧માં ખેડુતોને સંપૂર્ણ દેશી ગાય આધારીત પ્રાકૃતિક ખેતી કરતા ખેડુત કુટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય આપવાની યોજના, પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ દ્વારા જીવામૃત બનાવવા સારુ લાભાર્થીઓને નિદર્શન કીટમાં ૭૫ ટકા સહાયની યોજના, કૃષિ ઉત્પાદનોમાં પરિવહન માટે મીડીયમ સાઇઝના ગુડ્ઝ કેરેઝ વાહનની ખરીદી ઉપર નાણાંકીય સહાય આપવાની કિસાન પરિવહન યોજના, ફળ અને શાકભાજીનો બગાડ અટકાવવા નાના વેચાણકારોને વિનામૂલ્યે છત્રી/ શેડ કવર પુરા પાડવાની યોજના, ખેડુતોને પાક સંગ્રહ સ્ટ્રક્ચર બનાવવા માટે સહાય આપવાની મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજના, સર્વગ્રાહી યોજનાઓના લાભાર્થીઓને સાધન સામગ્રી સાથે સહાય વિતરણ તેમજ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ હેઠળ પ્રધાનમંત્રીશ્રી દ્વારા બટન દબાવીને ખેડુતોના ખાતામાં રૂ. ૨ હજાર લેખે દેશના ૯ કરોડ ખેડુતોના બેંક ખાતામાં સીધી રૂ. ૧૮,૦૦૦ કરોડની રકમ જમા કરાવી હતી. વડગામ ખાતે પાલનપુર પ્રાંત અધિકારીશ્રી એસ. ડી. ગિલવા, જિ. પંચાયત સભ્યશ્રી ફલજીભાઇ ચૌધરી અને શ્રી અશ્વિનભાઇ સક્સેના, અગ્રણીશ્રી પ્રવિણસિંહ રાણા, માર્કેટયાર્ડના ચેરમેનશ્રી કે. પી. ચૌધરી, જિ. પંચાયતના પૂર્વ પ્રમુખશ્રી વિજયભાઇ ચક્રવર્તી સહિત લાભાર્થી ખેડુતો ઉપસ્થિત રહ્યા હતાં.



બાયડ દહેગામ રોડ કર્યો ચક્કાજામ,ફતેપુરા ગામ ના લોકો એ કર્યો ચક્કાજામ

કેટલાક લોકો એ ૧૯૬૧ થી ઢોર અને બળતણ ના લાકડા માટેની જમીન પર કબજો કરી લેતા ન્યાય ની માંગ, મોટી સંખ્યા માં ગામજનો રસ્તા પર ઉતર્યા ,બાયડ મામલતદાર સામે પણ આક્ષેપ જમીન માફિયાઓ સાથે મિલી ભગત કરી હોવાનો આક્ષેપ,મામલતદારે ગામ જનોના લેવડાયા હતા જામીન ખોટી રીતે જામીન લેવડાવાનો આક્ષેપ,જમીન પર વાવેલા વૃક્ષો કાપવા માટે મામલતદારે આપ્યા આદેશ,પંચાયત કેં ફોરેસ્ટ ની મંજુરી વગર વૃક્ષો કાપવા ના આપ્યો આદેશ....

## કેવડીયામાં ગોરા ગામમાં પ્રધાનમંત્રી આદર્શ ગામ યોજનાનો વિરોધ કરનારા ૩૦ઈસમો સામે પોલીસ ફરિયાદથી ચકચાર

રાજપીપળા,તા૨૫

કેવડીયામાં ગોરા ગામમાં પ્રધાનમંત્રી આદર્શ ગામ યોજનાનો વિરોધ કરનારા ૩૦ઈસમો સામે પોલીસ ફરિયાદ કરાતા ચક્ચાર મચી જવા પામી છે. જેમાં સરકારી કામગીરીમાં અડચણ ઉભી કરી દખલ કરવા તથા કોવીદ ગાઈડલાઇનનો ભંગ કર્યાને લગાવ્યાનો આરોપ લગાવ્યો છે. આ અંગે ગરુડેશ્વર પોલીસ મથકમાં ફરીયાદી મહેશચન્દ્રબચુભાઇ વસાવા (રહે, કેવડિયા કોલોની કેટેગરી ૦૩-૭૪૦, મુળ રહે, વૈકુંઠસોસાયટી,૦૧ વાઘોડીયા રોડ ઘનનં. ૭૫૧ વડોદરા) એ ૩૦ ઇસમો સામે ફરિયાદ કરી છે.

ફરીયાદનીવિગત મુજબ આરોપીઓ એ ગોરા ગામે સર્વે નં. ૧૨૨ વાળી જમીનમાં સરકાર તરફથી આદર્શ ગામ તરીકે આશરે ૪૦૦ મકાન બનાવવાનું કામ ચાલુ છે. જે જગ્યાએ એકથી ત્રીસ ઇસમોનુ સ્ત્રી પુરુષોનું ટોળુ ગેરકાયેસર મંડળી બનાવી પોતાનો સામાન્ય હેતુ પાર પાડવાના ઈરાદે સરકારી આવાસ મકાનનું બાંધકામ ચાલતુ હોય જયારે ગેરકાયદેસર પ્રવેશ કરી સરકારી કામમાં રૂકાવટકરી કોવિડ ૧૯ની મહામારીના સમયમાં સોશિયલ ડિસ્ટન્સના જાહેરનામા નો ભંગ કરી એકબીજાની જીંદગી જોખમાય તે રીતે; બેદકારીપૂર્વક કૃત્ય કરી સરકારી કામમાં રૂકાવટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરતા તમામ સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગરુડેશ્વર પોલીસ મથકમાં ફરીયાદી મહેશચન્દ્રબચુભાઈ વસાવા (રહે, કેવડિયા કોલોની કેટેગરી ૦૩-૭૪૦, મુળ રહે, વૈકુંઠસોસાયટી,૦૧ વાઘોડીયા રોડ ઘન- ૭૫૧ વડોદરા) એ આરોપીઓ ઈન્દુબેન સુમનભાઈ ચદુભાઈ તડવી, લલીતાબેન બાલુભાઈ હિમંતભાઈ તડવી, રસીલાબેન ભઈલાલભાઈ ગોકળાભાઈ તડવી, શાંતાબેન કેશુભાઈ શંકરભાઈ તડવી, અંબાબેન શાંતીલાલ ભગવાનભાઈ તડવી, કપીલાબેન હીરાભાઈ મોહનભાઈ તડવી, સંગીતાબેન અરવિદભાઈ કાલીદાર તડવી, ધનીબેન રમેશભાઈ ભગવાનભાઈ તડવી, મેનાબેન જશવતભાઈ લલ્લુભાઈ તડવી, ભુરીબેન શાંતીલાલ બાબુભાઇ તડવી, સાવીત્રાબેન દિનેશભાઇ ભગવાનભાઈ તડવી, ઉષાબેન નારણભાઈ લક્ષ્મણભાઈ તડવી, પ્રેમીલાબેન જગદીશભાઇ હર્ષદભાઇ તડવી, વજીબેન પ્રમોદભાઈ વિઠઠલભાઈ તડવી, નીરુબેન વિષ્ણુભાઇ બચુભાઇ તડવી, અંબાબેન ચન્દુભાઈ મગનભાઈ તડવી, ચપાબેન શેરાભાઈ જેઠાભાઈ તડવી, શાંતાબેન અમરતભાઈ શંકરભાઈ તડવી, તમામ રજે ગૌર) તથા તેઓની સાથેના પુરુષ નાઓના નામ અલ્પેશભાઈ સોમાભાઈ તડવી, ગિરિષભાઈ સાંકળલાલ તડવી ,ચન્દ્રકાત રણજીતભાઇ તડવી તમામ (રહે, ગોરા ગડતી ફળિયુ), બચુવહાઈ લલ્લુભાઈ તડવી. ગોવિદભાઈ મેરાભાઈ તડવી , સંદીપભાઈ નટવરભાઈ તડવી, સાજનભાઈ ગજેન્દભાઈ તડવી. જયેશભાઈ સોમાભાઈ તડવી.રાજુભાઈ મનસુખભાઈ તડવી, પ્રકાશભાઈ ચન્દુભાઈ તડવી , અનીલભાઈ બાલુભાઈ તડવી રહે, ગોરા કોલોની ગોરા), સરપચ શાંતીલાલભાઈ બાબુભાઈ તડવી (રહે, ગોરા નિશાળ ફળિયા) સામે ફરિયાદ કરી છે . જયોતિ જગતાપ,રાજપીપળા

## દાંતીવાડા ખાતે વિચારતી વિમુક્તિ જાતીના લોકોને ધાબળા વિતરણ કરાયાં



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

શિયાળાની કારમી કડકડતી ઠંડીમાં ઠુંથવાતા લોકોને ઠંડીથી બચાવા તેમજ તેમની દુવા મળે તે હેતુથી દાંતીવાડા કોલોની, ત્રણ રસ્તા વિસ્તારમાં છાપરું બાંધીને વસવાટ કરતાં વિચરતી અને વિમુક્ત જાતિના ભરથરી,વાદી, દેવીપૂજક, નાથવાદી વગેરે ૬૩ જેટલા પરિવારો ને ફજીજીસ સંસ્થા અને લોકસારથિ ફાઉન્ડેશન ખાટીશીતરા દ્વારા ધાબળા વિતરણ કરવામાં આવ્યા આ સેવાકીય કાર્યમાં નારણભાઈ, મુસ્તુખાન , મહેશભાઈ ચૌધરી, પરેશભાઈ, રાહુલભાઈ, જાવીદખાન ઘાસુરા,બલુભાઈ રાકેશભાઈ, સાગરભાઈ તેજસભાઈ સહિત આમ સમગ્ર ટીમના સાથ અને સહકાર થી ધાબળા વિતરણ કરાયા હતા જેમાં ગુજરાત વેરહાઉસિંગ બોર્ડના પૂર્વ ચેરમેન મગનલાલમાળી પણ વીડિયો કોલ કરી આ સુભકાર્યને બિરદાવ્યું હતું

## રાષ્ટ્રપતિજીને આવકારતા કલેકટરશ્રી રેમ્યા મોહન અને પોલીસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલ

રાજકોટ તારીખ ૨૫ ડીસેમ્બર

દેશના રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ આજે બપોરે રાજકોટ એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા, જયાં રાજકોટના કલેકટરશ્રી રેમ્યા મોહન અને પોલીસ કમિશનરશ્રી મનોજ અગ્રવાલે તેમને આવકાર્યા હતા.



ભારતીય વાયુસેનાના ખાસ વિમાનમાં બપોરે ૧૨.૧૫ ના સુમારે રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદનુ ખુશનુમા વાતાવરણમાં રાજકોટ એરપોર્ટ ખાતે આગમન થયું હતું. કલેકટરશ્રી રેમ્યા મોહન અને પોલીસ કમિશનર મનોજ અગ્રવાલે રાષ્ટ્રપતિનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ રાષ્ટ્રપતિશ્રી કોવિંદ ભારતીય વાયુ સેનાના હેલીકોપ્ટર મારફત દીવ જવા રવાના થયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ તા.૨૫ થી તા.૨૮ ડીસેમ્બર સુધી કેન્દ્રશાસિત પ્રદેશ દીવની મુલાકાતે જવાના છે. જે અન્વયે રાષ્ટ્રપતિશ્રી સંક્રાંતિ મુલાકાત માટે ૧૫ મિનિટ રાજકોટ એરપોર્ટ પર ટુંકા ઉતરાણ માટે પધાર્યા હતા. અને દીવ જવા માટે પ્રસ્થાન કર્યુ હતું. રાષ્ટ્રપતિની મુલાકાત વેળાએ નિવાસી અધિક કલેકટરશ્રી પી.બી.પંડયા, ડી.સી.પી.શ્રી મનોહરસિંહ જાડેજા, પ્રાંત અધિકારીશ્રી ચરણસિંહ ગોહિલ અને શ્રી સિધ્ધાર્થ ગઢવી, સંયુકત માહિતી નિયામકશ્રી શરદ બુંબડીયા, એરપોર્ટ ડાયરેકટરશ્રી દિગંત બોરા વગેરે ઉપસ્થિત રહયા હતા.

ફોટો સ્ટોરી કુશલ ભાઈ ભટ્ટ

## અંબાજી ખાતે સ્વર્ગીય અટલ બિહારી વાજપેયીજીની જન્મજયંતી ને સુશાસન દિવસ તરીકે કાર્યક્રમ યોજાયો



ભારત ના પૂર્વ પ્રધાન મંત્રી અને ભાજપા નાં સંસ્થાપક એવા હજારો યુવાઓ નાં માર્ગ દર્શક અટલ બિહારી વાજપેયી જી ની જન્મ જયંતી નિમિત્તે અંબાજી ખાતે કાર્યક્રમ યોજાયો હતો ભાજપા દ્વારા અટલ બિહારી વાજપેયી જી ની જન્મ જયંતી નિમિત્તો દેશભરમાં ઠેર ઠેર પુષ્પાંજલિ કાર્યક્રમ નું આયોજન કરાયું હતું ત્યારે આજે ભાજપા દ્વારા સુશાસન દિવસ તરીકે પણ ઉજવવામાં આવતો હોય છે ત્યારે આજે સુશાસન દિવસ નિમિત્તે અંબાજી ખાતે અટલ બિહારી વાજપેયી જી ની જન્મ જયંતી ની ઉજવણી કરાઇ હતી ભાજપા અંબાજી મંડળ નાં આગેવાનો દ્વારા દીપ પ્રગટાવી અને કાર્યક્રમ ની શરૂઆત કરી હતી સુશાસન દિવસ નાં ઇન્ચાર્જ દેવેન્દ્ર વ્યાસ એ અટલજી ના જીવન વિષય કાર્યકર્તા ઓ ને માર્ગદર્શક આપી અને કાર્યક્રમ ને આગળ વધાર્યો હતો ત્યારે આં કાર્યક્રમ માં અંબાજી ભાજપા મંડળ ના પ્રમુખ મૃગેશ મહેતા,મહામંત્રી લલિત લુહાર, સુશાસન દિવસ કાર્યક્રમ ઇન્ચાર્જ દેવેન્દ્ર વ્યાસ ,સહ ઇન્ચાર્જ માણેક ભાઈ જોષી ,મંડળ ઉપપ્રમુખ સુનિલ ભાઈ બ્રહ્મભટ્ટ , બકુલેશ શુકલ જીતુ વણજારા ,દિનેશ પૂજારી સહિત ભાજપા નાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા આં ઉપરાંત બુથ પ્રમાણે પેજ પ્રમુખ ની કામગીરી ની સમીક્ષા કરવામાં આવી હતી જે બુથ નાં પેજ પ્રમુખો ની કામગીરી પૂર્ણ થઈ ગયેલ હોય તે જમાં લેવામાં આવ્યા હતા.

અહેવાલ:- રિતિક સરગરા,અંબાજી(બનાસકાંઠા બ્યુરો)

## માણાવદરમાં રૂ. ૨૦ કરોડના ખર્ચે ૭૫૦ મીટર લાંબો રિવરફ્રન્ટ બનશે

માણાવદરમાં આઝાદી બાદ સૌથી મોટો પ્રોજેક્ટ મંજૂર કરાયો છે. તેમાં રૂ. ૨૦ કરોડના ખર્ચે ૭૫૦ મીટર લાંબો રિવરફ્રન્ટ, એમ્ફીથિયેટર વોક વે અને નદીને ઉંડી કરાશે આ પ્રોજેક્ટ નું પ્રવાસન મંત્રી જવાહરભાઈ ચાવડા એ ખાતમુહુર્ત કર્યું હતુ



માણાવદર પોરબંદર રોડ ઉપર ખારો નદી ઉપર ૭૫૦ મીટર લંબાઈ નો રિવરફ્રન્ટ રૂ. ૨૦ કરોડના ખર્ચે દોઢ વર્ષમાં આકાર લેશે આ પ્રોજેક્ટ નું ખાતમુહુર્ત કરતા પ્રવાસન મંત્રી જવાહરભાઈ ચાવડા એ જણાવ્યું હતુ કે આ વિસ્તાર ના વિકાસ ના મે ઘણા સપના જોયા છે. તેમાં રિવરફ્રન્ટ પણ હતો અમદાવાદ પછી માણાવદરમાં રિવરફ્રન્ટ બનશે તેવી કલ્પના કરવી પણ મુશ્કેલ હતી પરંતુ આ હકીકત સામે આવી છે. આ રિવરફ્રન્ટ ની સાથે વોક- વે એન્ટ્રી ગેઇટ, નદીને ઉંડી કરવી, નદી કાંઠે રહેતા લોકોને અન્ય સ્થળે મકાન મળે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ પ્રસંગે જૂનાગઢ મેયર ધીરુભાઈ ગોહિલ, અગ્રણી હરસુખભાઈ ગરાળા એ વિકાસકામો પ્રત્યે રાજય સરકાર સાથે મંત્રીશ્રી ની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી આ તકે કેશોદના ધારાસભ્ય દેવાભાઇ માલમ, જગદીશભાઇ મારૂ, કિરણભાઈ ચૌહાણ, ન.પા. પ્રમુખ પુષ્પાબેન ગોર, ઉપ પ્રમુખ પુજાબેન રાડા, નારણભાઈ સોલંકી, વરજાંગભાઇ ઝાલા, દિનેશભાઇ ટીલવા, ગોવિંદભાઇ સવસાણી, જીવાભાઈ મારડીયા, જીવાભાઈ કોડીયાતર, સુનીલભાઈ જેઠવાણી ઉપસ્થિત રહયા હતા રિવરફ્રન્ટ પ્રોજેક્ટ ની વિગતો અજીત જોષી એ આપી હતી કાર્યક્રમ નું સંચાલન હરીભાઇ ભુતે કર્યુ હતુ અને આભાર વિધી નિરજ જોષી એ કરી હતી

તસ્વીર - અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર



"રાઘવ"ક્રિસમસ માહોલ

## લાખણી તાલુકાના ખેડૂતોએ આજે

## સુજલામ સુફલામ કેનાલમાં પાણી છોડવા માટે કેનાલ માં બેસી રામધૂન બોલાવી અને ધરણા કર્યા



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

સરકારે કરોડો રૂપિયાના ખર્ચે બનાસકાંઠાના ભૂગર્ભજળ ઊંચા આવે તે માટે સુજલામ સુફલામ કેનાલ બનાવી હતી જોકે લાખણી તાલુકામાંથી પસાર થતી સુજલામ સુફલામ કેનાલ છેલ્લા પાંચ વર્ષથી બનાવવામાં આવી છે. પરંતુ આજદિન સુધી તેમાં જોઈએ તેવું પાણી આવ્યું નથી. કેનાલ બનાવ્યા બાદ માત્ર ત્રણ વખત આ કેનાલમાં પાણી આવ્યું. જે બાદ ક્યારે પાણી છોડવામાં આવ્યું નથી. લાખણી ના ખેડૂતોની માંગ છે કે સરકારે ભૂગર્ભ જળ ઊંચા આવે તે માટે કરોડો રૂપિયા ખર્ચ્યા છે તો સરકાર પાણી કેમ નથી આપતી. આ મામલે આજે ખેડૂતોએ સુજલામ સુફલામ કેનાલમાં બેસી ધરણા કર્યા અને રામધૂન બોલાવી.

આ મામલે સ્થાનિક પોલીસને જાણ થતા તાત્કાલીક સ્થાનિક પોલીસે ખેડૂતોની અટકાયત કરી અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરી. ખેડૂતોની માંગ છે કે પાણી વિના હવે તેમની ખેતી થઈ શકે તેવી નથી.જેથી સરકાર સુજલામ સુફલામ કેનાલમાં પાણી આપે.

## ગઢડાની ઘટનાને લઇ બોડકા ગામના હરિભક્તોએ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

ગઢડામાં થોડા દિવસ પૂર્વ ડીવાયએસપીએ મંદિર ના ચેરમેનનો કાંઠલો પકડી સ્વામીને અપશબ્દો બોલવાના બનાવના વિરોધમાં માણાવદરના બોડકા ગામના ધર્મકુળ આશ્રિત સ્વામિનારાયણ સંપ્રદાયના હરિભક્તો દ્વારા મામલતદાર ને આવેદનપત્ર આપી ડીવાયએસપી સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી



થોડા દિવસ પૂર્વે ગઢડામાં ડીવાયએસપી નકુમ દ્વારા મંદિરના નવા ચૂંટાયેલા ચેરમેન રમેશ ભગતનો કાંઠલો પકડી તેમને બહાર કાઢેલ અને ત્યાં ઉપસ્થિત સ્વામીને અપશબ્દો બોલ્યા હતા આ બાનાવનો સ્વામી નારાયણ સંપ્રદાયમાં ઠેર ઠેર વિરોધ થઈ રહ્યો છે. અને ડીવાયએસપી ની આ હરકતને હરિભક્તોએ નિંદનિય અને દંડનીય ગણાવી રહયા છે. માણાવદરના બોડકા ગામના ધર્મકુળ આશ્રિત સ્વામિનારાયણ સંપ્રદાય સાથે જોડાયેલા હરિભક્તો દ્વારા આ ઘટનાથી હિન્દુ ધર્મ ની લાગણી દુભાય હોવાનું જણાવી હરિભક્તો દ્વારા નવા ચેરમેન અને સ્વામી સાથે ગેરવર્તન કરનાર ડીવાયએસપી ને સરકાર તાત્કાલિક સસ્પેન્ડ કરે તેવું મામલતદાર ને આવેદનપત્ર આપી માંગ કરી હતી. આ આવેદનપત્ર આપતી વેળાએ રાજુભાઈ સોલંકી, વસંતભાઇ પરમાર, તેમજ બહોળી સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહયા હતા

તસ્વીર - અહેવાલ - જીજ્ઞેશ પટેલ માણાવદર

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.